RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 168, Dt.30-09-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નેપાળમાં વરસાદ બાદ ભૂસ્ખલનને કારણે ૧૭૦ ના મોત

## ૪૨ લોકો લાપતા:પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું : ૪૦–૪૫ વર્ષમાં કાઠમંડુ ખીણમાં આટલું વિનાશક પૂર અને પાણીની તબાહી જોવા મળી નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતના પાડોશી દેશ નેપાળમાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧૭૦ પર પહોંચી ગઈ છે. આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના સમાચાર છે. અધિકારીઓએ જણાવ્યું કે પૂર્વી અને મધ્ય નેપાળના મોટા ભાગો શુક્રવારથી ડૂબી ગયા છે અને દેશના ઘણા ભાગોમાં અચાનક પૂરના અહેવાલો છે.

Nml મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર, ભૂસ્ખલન અને પાણીમાં ડૂબી જવાને કારણે ૪૨ લોકો ગુમ છે. ગળહ મંત્રાલયના પ્રવક્તા ઋષિરામ પોખરેલે જણાવ્યું કે પૂર સંબંધિત ઘટનાઓમાં ૧૧૧ લોકો ઘાયલ થયા છે.

તેમણે કહ્યું કે તમામ સુરક્ષા એજન્સીઓની મદદથી સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. નેપાળ સેનાએ દેશભરમાંથી ૧૬૨ લોકોને એરલિફ્ટ કર્યા છે. પોખરેલે જણાવ્યું હતું કે નેપાળ આર્મી, નેપાળ પોલીસ અને સશષા પોલીસ દળના જવાનો દ્વારા પૂર અને જળબંબાકારથી પ્રભાવિત ૪,૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે બચાવી લેવામાં આવેલા લોકોને ખાદ્ય સામગ્રી સહિત તમામ જરૂરી રાહત સામગ્રી આપવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યું કે કાઠમંડુની બહારના બલ્ખુ વિસ્તારમાં સામાજિક કાર્યકરોની મદદથી ૪૦૦ લોકોને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું.



નેશનલ હાઈવે શનિવારથી બ્લોક થઈ ગયો છે, ભૂસ્ખલનને કારણે સેંકડો લોકો ઘણા હાઈવે પર ફસાયેલા છે. પૂર અને ભૂસ્ખલનને કારણે જ્યાં રસ્તાઓ અવરોધિત છે તે રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ખાલી કરવાના પ્રયાસો ચાલુ છે. ગળહ મંત્રાલયના પ્રવક્તા પોખરેલે જણાવ્યું હતું કે કાઠમંડુને અન્ય જિલ્લાઓ સાથે જોડતો મુખ્ય જમીન માર્ગ ત્રિભુવન હાઈવે પર પરિવહન ફરી શરૂ થયું છે.

પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ ખીણમાં આટલું વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ (ઈઈઈખઘઉ)ના આબોહવા અને પર્યાવરણ નિષ્ણાત અરુણ ભક્ત શ્રેષ્ઠે જણાવ્યું હતું કે, મેં કાઠમંડુમાં આટલા પ્રમાણમાં પૂર પહેલાં ક્યારેય જોયા નથી.વૈજ્ઞાનિકો કહે છે કે આબોહવા પરિવર્તન સમગ્ર એશિયામાં વરસાદની માત્રા અને સમયમાં ફેરફારનું કારણ બની રહ્યું છે, પરંતુ પૂરની વધતી અસરનું મુખ્ય કારણ પર્યાવરણ છે, જેમાં બિનઆયોજિત બાંધકામનો સમાવેશ થાય છે, ખાસ કરીને પૂરના મેદાનોમાં, જે પાણીની જાળવણી અને ડ્રેનેજ માટે અપૂરતો વિસ્તાર છોડી દે છે .બિહારના ૧૩ જિલ્લાઓમાં ૧૬.૨૮ લાખથી વધુ લોકો પૂરના કારણે ખતરનાક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. આ વિસ્તારના લોકો પહેલાથી જ વરસાદના કારણે પૂરનો સામનો કરી રહ્યા હતા, પરંતુ હવે નદીના વહેણના કારણે તેઓ પણ જોખમના આરે આવી ગયા છે.

# લેબેનોનમાં ઈઝરાયેલી હુમલામાં ૧૦૫ના મોત

**મુખ્ય સમાચાર,બૈરૂત**

હિઝબુલ્લાહ વિરૂદ્ધ યુદ્ધ શરૂ કરનાર ઈઝરાયેલે સોમવારે સવારે લેબનોનની રાજધાની બેરુતમાં પહેલીવાર આતંક મચાવ્યો હતો. અહીં ઈઝરાયેલની સેના ઈઉત્ર્ૠએ શહેરની ઈમારતને ઉડાવી દીધી હતી. આ હુમલામાં ઓછામાં ઓછા ચાર લોકોના મોતના અહેવાલ છે. પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ ઙ્ર્ૠઙ કહે છે કે હુમલામાં તેના ત્રણ નેતાઓ માર્યા ગયા હતા. ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે વધી રહેલા સંઘર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે ઈઝરાયલે લેબનીઝ રાજધાની બેરૂતમાં ઘૂસીને રહેણાંક વિસ્તારમાં હુમલો કર્યો છે.



હિઝબુલ્લાના ચીફ સૈયદ હસન નસરાલ્લાહના મોત બાદ પણ લેબનોનમાં ઈઝરાયેલનો કહેર અટકી રહ્યો નથી. રવિવારે પણ ઈઝરાયેલે સમગ્ર લેબનોનમાં જોરદાર બોમ્બમારો કર્યો હતો. જેમાં ૧૦૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર હવાઈ હુમલામાં ૩૫૯ લોકો ઘાયલ થયા છે. સૌથી વધુ મૃત્યુ, ૪૮, આઈન અલ-ડેલ્બ અને ટાયર વિસ્તારોમાં થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે ઈઝરાયેલના હવાઈ હુમલામાં કાના હોસ્પિટલને ભારે નુકસાન થયું છે. આ સિવાય બેકા ઘાટીમાં બાલબેક-હરમેલમાં ઈઝરાયેલના હુમલામાં ૩૩ લોકો માર્યા ગયા અને ૯૭ લોકો ઘાયલ થયા. ઈઝરાયેલે લેબનોનના કોલા વિસ્તારમાં પહેલીવાર જોરદાર બોમ્બમારો કર્યો. લેબનીઝ સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલ ઈઝરાયેલી સેના દ્વારા કરવામાં આવેલ આ હવાઈ હુમલો બેરૂતના કોલા જિલ્લામાં એક એપાર્ટમેન્ટના ઉપરના માળે કરવામાં આવ્યો હતો.

# વડોદરા બની પૂર નગરી, બે મહિનામાં ત્રીજીવાર પૂરનું સંકટ

## ૨૦ વર્ષમાં સૌથી વધુ પૂર આ વખતે આવ્યા, સોસાયટીઓમાં બેથી ત્રણ ફૂટ પાણી, વિશ્વામિત્રીનું જળસ્તર સ્થિર થયું

**મુખ્ય સમાચાર,વડોદરા**

વિશ્વામિત્રી નદી તેની ભયજનક સપાટીથી માત્ર ૪ ફૂટ દૂર વહી રહી છે. જેના પગલે વડસર રોડ, કોટેશ્વર ગામ તેમજ આસપાસના વિસ્તારોમાં નદીના પાણી ફરી વળ્યા છે. હાલ ૨૦૦ જેટલા અસરગ્રસ્તોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

હકીકતમાં સાયકલોનિક સર્ક્યુલેશનની મોન્સૂન ટ્રફ એક્ટિવ થતાં ચોમાસું વિદાય લેતા-લેતા વડોદરા શહેરને રીતસરનું ઘમરોળી રહ્યું છે. જો આજે વડોદરામાં ખાબકેલા વરસાદની વિગતો જોઈએ તો, વડોદરા શહેરમાં ૯૬ મિ.મી (૩.૭૮ ઈંચ), પાદરામાં ૭૩ મિ.મી (૨.૮૭ ઈંચ) વરસાદ ખાબકયો છે. આ સિવાય વાઘોડીયામાં ૧૮ મિ.મી, ડભોઈમાં ૧૦ મિ.મી., સાવલીમાં ૯ મિ.મી., ડેસરમાં ૪ મિ.મી., કરજણમાં ૨ મિ.મી વરસાદ નોંધાયો છે.

આજે બપોરે ૨ થી ૪ વાગ્યા દરમિયાન જ વડોદરા શહેરમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ૭૬ મિ.મી વરસાદ તૂટી પડ્યો હતો. જેના કારણે વિશ્વામિત્રી નદીની જળસપાટીમાં વધીને ૨૨ ફૂટ પર પહોંચી ગઈ છે, જે તેની ભયજનક સપાટી ૨૬ ફૂટથી માત્ર ૪ ફૂટ દૂર છે. જેના પગલે વડોદરાવાસીઓના જીવ વધુ એકવખત તાળવે ચોંટ્યા છે.

વિશ્વામિત્રી નદીની જળસપાટી ૨૨ ફૂટ પર પહોંચતા શહેરના વડસર રોડ પર આવેલ કોટેશ્વર ગામ, કાંસા રેસીડન્સી, સમૃદ્ધિ ટેનામેન્ટ સહિત આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. જેના કારણે મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરોમાં ફસાયા હતા. જેથી મનપાની ફાયર બ્રિગેડની ટીમે ૨૦૦ જેટલા લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

આ સાથે જ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા માઈક પર એનાઉન્સમેન્ટ કરીને લોકેને સાવધ કરવામાં આવી રહ્યા છે. જેમાં તેઓ તાત્કાલિક સલામત સ્થળે જતા રહેવા જણાવ્યું છે. આ ઉપરાંત તકેદારીના ભાગરૂપે શહેરના ૪ ઝોનમાં ૩૦ સિટી બસોની વ્યવસ્થા કરવામાં આવ છે. તેમજ ગઉછ્ૠની બે ટૂકડીને સ્ટેન્ડબાય રખાઈ છે.



ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરમાં આવેલી તમામ સ્કૂલોમાં આવતી કાલે રજા જાહેર કરવામાં આવી છે. આ સંદર્ભે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તમામ સ્કૂલોના આચાર્યને સૂચના આપી દેવામાં આવી છે. શહેરના રાજમાર્ગો પર અવારનવાર મગર લટાર મારતા હોવાના બનાવો સામાન્ય બની ગયા છે. ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન નદી, તળાવોના જળસ્તર વધતા આ ઘટનાઓમાં વધારો થાય છે. હાલ વડોદરામાં છેલ્લા ૩ દિવસથી વરસાદી માહોલ છે. તેવામાં લાલબાગ બ્રિજ નીચે મગરની લટારનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

# કાનપુરમાં હવે ગેસ સિલીન્ડરની મદદથી ટ્રેન ઉથલાવવાનું કૌભાંડ

**મુખ્ય સમાચાર,કાનપુર**

ઉત્તર પ્રદેશના કાનપુરમાં એક મોટી દુર્ઘટના લગભગ ટળી ગઈ હતી. ગોવિંદપુરી રેલ્વે સ્ટેશન પાસે ટ્રેક પર આગનો ગેસ સિલિન્ડર પડેલો જોવા મળ્યો હતો. આ પછી હંગામો થયો હતો. રવિવારે સવારે મુંબઈથી કાનપુર આવી રહેલી ૧૨૫૩૪ પુષ્પક એક્સપ્રેસના ડ્રાઈવર એસકે ભસીનને ગેસ સિલિન્ડર પર નજર પડી. તેણે ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેન રોકી. કંટ્રોલને મેસેજ કર્યો. આ ઘટના બાદ રેલવે વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. ડ્રાઈવરે જાતે ગેસ સિલિન્ડર ચેક કર્યું. જાણવા મળ્યું કે આ રેલવે સેફ્ટી સિલિન્ડર છે, જેનો ઉપયોગ ટ્રેનોમાં આગથી બચવા માટે થાય છે. ડ્રાઈવરે સિલિન્ડર પોતાની કેબિનમાં રાખ્યો અને કાનપુર સેન્ટ્રલ ખાતે આરપીએફને સોંપી દીધો.

ગોવિંદપુરી સ્ટેશન પાસે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળી આવવાની ઘટનાને લઈને કાનપુર રેલવે પ્રશાસન સતર્ક થઈ ગયું છે. રેલવે પોલીસ અને કેરેજ અને વેગન વિભાગે માહિતી નોંધીને તેમની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પુષ્પક એક્સપ્રેસ પહેલા ૨૨૫૩૮-કુશીનગર એક્સપ્રેસ અહીંથી પસાર થઈ હતી. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ ગેસ સિલિન્ડર કુશીનગર એક્સપ્રેસમાંથી પડ્યો હશે. આ ટ્રેન ગોરખપુર જાય છે.

હવે તપાસ કરવામાં આવી રહી છે કે ટ્રેનમાંથી સિલિન્ડર કેવી રીતે પડ્યો? સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ મુદ્દાની પણ તપાસ કરવામાં આવી રહી છે કે શું કોઈ મુસાફરે તોફાન કરીને ગેસ સિલિન્ડર છોડ્યું હતું? આ એક મોટો પ્રશ્ન છે. સવાલ એ પણ છે કે જો તોફાની તત્વોએ સિલિન્ડર ફેંકી દીધું તો ટ્રેન સ્ટાફને તેની જાણ કેમ ન થઈ? તેમજ એનસીઆર ઝોનમાં જ સિલિન્ડરને સંયોગ કે ષડયંત્રના દૃષ્ટિકોણથી જોવામાં આવી રહ્યું છે.

૧૬ ઓગસ્ટ- ઝાંસી માર્ગ પર પંકી ફેક્ટરી વિસ્તારની સામે ટ્રેક પર એક પથ્થર મૂકવામાં આવ્યો હતો. જેના કારણે સાબરમતી એક્સપ્રેસના તમામ કોચની વિગતો મળી હતી. ઘટનાની તપાસ ચાલુ છે.

સપ્ટેમ્બર ૮- ફર્રુખાબાદ રેલ્વે માર્ગ પર બરાજપુર અને ઉત્તરીપુરા સ્ટેશન વચ્ચે મુંડેરી ગામની સામે ટ્રેક પરથી ગેસ સિલિન્ડર, પેટ્રોલની બોટલો અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. પોલીસ અને આઈબી ઘટનાની તપાસ કરી રહી છે.

૨૨ સપ્ટેમ્બર- કાનપુર સેન્ટ્રલ અને ફતેહપુર વચ્ચે પ્રેમપુર સ્ટેશનની લૂપ લાઈન પર ખાલી ગેસ સિલિન્ડર




રાખવામાં આવ્યો હતો. ડ્રાઈવરે ટ્રેન રોકી. આ ઘટના અંગે જીઆરપીની તપાસમાં કોઈ પરિણામ આવ્યું નથી.

૨૯ સપ્ટેમ્બર- ગોવિંદપુર સ્ટેશનની હોલ્ડિંગ લાઈન પર રેલ સેફ્ટી ગેસ સિલિન્ડર મળી આવ્યો હતો. તપાસ માટે કમિટીની રચના કરવામાં આવી છે.

સ્ટેશન નજીક ટ્રેક પર સિલિન્ડર


પુષ્પક એક્સપ્રેસના ડ્રાઈવર એસકે ભસીનના જણાવ્યા અનુસાર, પુષ્પક એક્સપ્રેસ ભીમસેનથી કાનપુર સેન્ટ્રલ તરફ જઈ રહી હતી. ગોવિંદપુર સ્ટેશન પહોંચવા જ હતી ત્યાં જ ૪૦૦ મીટર દૂર ટ્રેક પર એક સિલિન્ડર દેખાયો. તેણે કોઈ પણ વિલંબ કર્યા વિના પહેલા ટ્રેન રોકી. તે સમયે સવારના ૪:૧૪ વાગ્યા હતા. તેણે ટ્રેન રોકી અને કંટ્રોલને જાણ કરી.

# શેરબજારમાં સપ્તાહની શરૂઆતમાં કડાકો, સેન્સેક્સ ૧૦૦૦થી વધુ પોઈન્ટ તૂટયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સપ્ટેમ્બર મહિનાના છેલ્લો દિવસ અને નવા અઠવાડિયાની શરૂઆતના પહેલા દીવસે જ શેરબજારમાં મોટો કડાકો બોલાયો. ૩૦ સપ્ટેમ્બર એટલે કે આજે સેન્સેક્સમાં ૧૦૦૦થી વધુ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જેનાથી સેન્સેક્સ ૮૪૫૫૦ ના લેવલને સ્પર્શી ગયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ ૨૫૦ થી વધુ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તે પણ ૨૫,૮૯૦ ના લેવલ પર ટ્રેડ કરી રહ્યો હતો. સેન્સેક્સમાં અત્યાર સુધીમાં બજારની સ્થિતિની વાત કરીએ તો સેન્સેક્સના ૩૦ શેર્સમાંથી ૨૩માં કડાકો દેખાયો જ્યારે ૭ માં હજુ પણ તેજી દેખાઈ રહી છે. જ્યારે નિફ્ટી ૫૦ શેર્સમાંથી ૩૫ માં કડાકો તો ૧૫ માં તેજી દેખાઈ. ગજઉ ના રિયલ્ટી સેક્ટર પણ જાણે ધડામ થઈ ગયું હતું. અગાઉ શુક્રવારે એટલે કે ૨૭ સપ્ટેમ્બરે શેરબજારે સતત ૮માં દિવસે ઓલ ટાઈમ હાઈની સપાટી બનાવી હતી.

એશિયન માર્કેટમાં જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં પણ ૪.૬૪% નો કડાકો બોલાઈ જતાં હાહાકારની સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨.૨૩% વધ્યો હતો. બીજી બાજુ ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૫.૧૮%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો છે. ૨૭ સપ્ટેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૩૩% વધીને ૪૨,૩૧૩ પર બંધ થયો હતો. Nasdaq ૦.૩૯% ઘટીને ૧૮,૧૧૯



પર આવી ગયો. જ઼ ૫૦૦ પણ ૦.૧૩% ઘટીને ૫,૭૩૮ પર આવી ગયો. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII) એ ૨૭ સપ્ટેમ્બરે રૂ. ૧,૨૦૯.૧૦ કરોડના શેરનું વેચાણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DII) એ રૂ. ૬,૮૮૬.૬૫ કરોડના શેર ખરીદ્યા હતા.

# જે લોકો ઈઝરાયેલને નિશાન બનાવવા માંગશે તેમણે પરિણામો ભોગવવા પડશે

## મધ્ય પૂર્વમાં કોઈ એવુ સ્થળ નથી જે અમારી પહોંચની બહાર હોય: ઈઝરાયેલી વડાપ્રધાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈઝરાયેલી સુરક્ષા દળો આઈડીએફનાં હુમલામાં હિઝબુલ્લા પ્રમુખ હસન નસરઉલ્લાહની મોત બાદ વડાપ્રધાન બેંજામિન નેતન્યાહુએ ઈરાનને ચેતવ્યુ હતું કે મધ્ય પૂર્વમાં એવુ કોઈ સ્થળ નથી કે જે ઈઝરાયેલની પહોંચથી બહૂ દુર હોય.

તેમણે જણાવ્યું હતું કે, જે લોકો ઈઝરાયેલને નિશાન બનાવવા માંગશે તેમણે પરિણામો ભોગવવા પડશે જે અમને મારશે અમે તેને ખતમ કરી નાખશું. નેતાન્યાહુએ પોતાના સંદેશામાં કહ્યું હતુ કે નસરૂલ્લાહ ૧૯૮૦ ના દાયકામાં હાઈ પ્રોફાઈલ બોમ્બ ધમાકા સહીત ઈઝરાયેલીઓ અને વિદેશી નાગરીકો પર અનેક હુમલાને અંજામ આપવા માટે જવાબદાર ઠેરવ્યો હતો.

તેમાં ૧૯૮૩ માં બૈરૂતમાં થયેલા બોમ્બ વિસ્ફોટ પણ સામેલ છે. જેમાં અમેરિકી દુતાવાસનાં ૬૬ લોકો ઉપરાંત સેંકડો અમેરીકી સૈનિક ઉપરાંત સેંકડો અમેરીકી નૌ-સૈનિક અને ફ્રાન્સી અને ફ્રાન્સીસી પેરાશુટર્સ માર્યા ગયા હતા.



નેતન્યાહુએ જણાવ્યું હતું કે અગણીત ઈઝરાયેલીઓ સેંકડો અમેરીકનો અને ડઝનો ફ્રાન્સીસી સહીત અન્ય દેશોનાં અનેક નાગરીકોની હત્યા માટે જવાબદાર વ્યકિત સાથે હિસાબ બરાબર કરી લેવાયો છે.

અમારે એક સાથે લડવાનું છે અને એક સાથે જીતવાનું છે. અમારે અમારા નિવાસીઓને તેમના ઘેર પહોંચાડવાના છે.

ઈઝરાયેલની તાબડતોબ બોમ્બમારામાં બંકર બસ્ટર બોમ્બ ૬૦ ફૂટની ઉંડાઈ સુધી ભેદી શકે છે. જીબીયુ-૭૨ બોમ્બનાં બોમ્બ સ્ટીલ, કોંક્રીટન મોટી દીવાલોને તોડી શકે છે. આ બોમ્બ લક્ષ્યને ભેદીને જમીનમાં ઉંડાઈ સુધી ઘસી જાય છે. તેનો આગલો ભાગ ધારદાર હોય છે.કારણ કે તે તેજ ગતિથી જમીનની અંદર જઈ શકે છે.

# નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં પણ હવે આરએસએસ અને ભાજપ વચ્ચે જબરી ખેંચતાણ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને ખુદની બહુમતી નહીં મળતા સર્જાયેલી રાજકીય પરિસ્થિતિ વચ્ચે પક્ષના નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં પણ હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ભાજપ વચ્ચે જબરી ખેંચતાણ હોવાના સંકેત છે અને આગામી દિવસોમાં તેની આફટર ઈફેકટ પણ જોવા મળી શકે છે. વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાનો કાર્યકાળ ગત વર્ષે જ પૂરો થઈ ગયો હતો.

લોકસભા ચૂંટણીના કારણે તેને જુલાઈ-૨૦૨૪ સુધી લંબાવાયો હતો અને ત્યારબાદ ભાજપની સંગઠન નવરચનાની પ્રક્રિયા શરૂ થઈ અને આ વર્ષના ડિસેમ્બર સુધીમાં તે પૂરી થઈ જશે. પક્ષના રાષ્ટ્રીય પ્રમુખની વરણીમાં હવે ઓક્ટોબર માસ મહત્વનો બની જશે. જેમાં એક તરફ હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામ તા.૮ ઓકટોબરના જાહેર થવાના છે.

ત્યારબાદમાં મહારાષ્ટ્ર અને ઝારખંડની ધારાસભા ચૂંટણીઓ યોજાવાની છે અને તે તા.૨૬ નવેમ્બર પૂર્વે બંને રાજયોમાં નવી સરકારની રચના થઈ જશે અને આ સમયગાળા દરમ્યાન જ અને મહત્વપૂર્ણ રીતે મહારાષ્ટ્રની ચૂંટણી પૂર્વે ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની વરણીના સંકેત છે.

લોકસભા ચૂંટણી સમયે જે રીતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ નહવે અમારે સંઘની જરૂર નથીથ ભાજપ પોતાની ક્ષમતાથી ચૂંટણી જીતી શકે છે. તેવા જે વિધાનો કર્યા તે સંઘમાં મોટો



ખળભળાટ મચાવી ગયા છે અને હવે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ પદે જેમને સંઘની જરૂર હોય તેવા ચહેરાની તલાશની શરૂ કરી છે. તો બીજી તરફ ભાજપમાં રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ચોકકસ ચહેરાને બેસાડવા માટે પણ વળતો આક્રમક પ્રયાસ શરૂ કરાયો છે. દિલ્હીના રાજકીય વર્તુળોમાં વાયરલ થયેલા અહેવાલ મુજબ સંઘની પહેલી પસંદગી લાંબા સમયથી રાજકીય કોલ્ડ સ્ટોરેજમાં ધકેલાઈ ગયેલા ગુજરાતના પૂર્વ સંગઠન મહામંત્રી સંજય જોષી છે. પરંતુ ભાજપમાં તેમનો વિરોધ છે અને સંજય જોષી કોઈ કાળે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ન જોઈએ તે જણાવી દેવાયું છે.

# દ્વારકા હાઈવે પર ગોઝારો અકસ્માત : ૭ના મોત

**મુખ્ય સમાચાર,જામનગર**

દેવભૂમિ દ્વારકાના પાદરમાં એક ખાનગી બસ તથા સ્વિફ્ટ અને ઈક્કો મોટરકાર વચ્ચે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં સાત મુસાફરોના કમકમાટીભર્યા મૃત્યુ નીપજ્યાં છે. જ્યારે ૧૫થી વધુ મુસાફરોને નાની મોટી ઈજા થઈ છે. આ અકસ્માત એટલો ગમખ્વાર હતો કે વાહનોના ફૂરચા બોલી ગયા હતા. આ ગોઝારા અકસ્માતમાં એક જ પરિવારના ૫ લોકો સહિત ૭ લોકોના મોત થયા છે. જ્યારે અકસ્માતમાં મૃતકોમાં બે માસૂમ બાળક પણ સામેલ છે. મળતી વિગતો મુજબ મોટાભાગના મૃતકો ગાંધીનગરના કલોલ તાલુકાના પલસાણા ગામના રહેવાસી છે. આ ઘટનાના પગલે સમગ્ર દ્વારકા જિલ્લાની રેસ્ક્યૂ ટીમ, ડોકટરો, સેવાભાવી કાર્યકરો ઘટનાસ્થળે દોડી ગયા અને રાહત બચાવની કામગીરી હાથ ધરી હતી.આ કરુણ બનાવની જાણવા મળતી વિગત મુજબ, દ્વારકા-ખંભાળિયા ધોરીમાર્ગ પર દ્વારકાથી આશરે ૬ કિલોમીટર દૂર બરડીયા ગામ પાસેથી આજરોજ રાત્રે આઠેક વાગ્યાના સમયે પસાર થઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સની એક બસ (નંબર એન.એલ. ૦૧ બી. ૨૨૦૭) આડે કોઈ પશુ ઉતરતાં તેને બચાવવા માટે બસના ચાલકે કાવો માર્યો હતો. જેના કારણે આ બસ ડીવાઈડર ટપીને રોડની એક તરફ પલટી ખાઈ ગઈ હતી. આ સમયે દ્વારકા તરફથી આવી રહેલી એક સ્વીફ્ટ મોટરકાર (નંબર જી.જે. ૧૧ બી એચ ૮૯૮૮) અને તેની સાથે એક ઈક્કો મોટરકાર (નંબર જી.જે. ૧૮ બી.એલ. ૩૧૫૯) વચ્ચે ત્રિપલ અકસ્માત બાદ પાછળ આવી રહેલું એક મોટર સાઈકલ પણ આ અકસ્માતગ્રસ્ત વાહન સાથે ટકરાયું હતું. આ ઘટનામાં અન્ય એક રાહદારી પણ આ અકસ્માતની અડફેટે ચડી ગયા હતા.આ અકસ્માતમાં જુદા જુદા વાહનોમાં સવાર સાત મુસાફરોના મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય આશરે ૧૫થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં દ્વારકાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ ખંભાળિયા સ્થિત ડીસ્ટ્રીક્ટ જનરલ હોસ્પિટલ ખાતે તમામને ખસેડવામાં આવ્યા હતા.ઘાયલોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ખંભાળિયા સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડાયા.મૃતકોના નામ હેતલબેન અર્જુનભાઈ ઠાકોર (ઉં.વ.૨૮, રહે.ગામ, પલસાણા કલોલ, ગાંધીનગર) પ્રિયાંશી મહેશભાઈ ઠાકોર (ઉં.વ.૧૮, રહે. ગામ, પલસાણા,કલોલ, ગાંધીનગર) તાન્યા અર્જુભાઈ ઠાકોર (ઉં.વ.૩) ગામ, પલસાણા,કલોલ, ગાંધીનગર) રિયાજી કિશનજી ઠાકોર (ઉ.વ. ૨, રહે. ગામ, પલસાણા,કલોલ, ગાંધીનગર)વિરેન કિશનજી ઠાકોર (ગામ, પલસાણા,કલોલ, ગાંધીનગર)ચિરાગ રાણાભાઈ બારિયા (ઉં.વ.૨૬, રહે. બરડીયા, તા દ્વારકા)એક અજાણી મહિલા. આ બનાવના પગલે જિલ્લાના જુદા જુદા વિસ્તારમાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી વાહનોમાં ઘવાયેલાઓને હોસ્પિટલ તેમજ ખંભાળિયા ખસેડવાની તાકીદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આટલું જ નહીં, આ ગમખ્વાર અકસ્માત થતાં અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા. ખંભાળિયાની સરકારી હોસ્પિટલોમાં ઘવાયેલાઓને તાકીદે તમામ સારવાર મળી રહે તે માટે જામનગરથી જી.જી. હોસ્પિટલના ડોકટરોની ટીમનું પણ અત્યારે આગમન થયું હતું. જામનગરની જી.જી. હોસ્પિટલમાં પણ ડોક્ટરની ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

ખાનગી બસ, સ્વીફ્ટ અને ઈક્કો કાર વચ્ચે સર્જાયો અકસ્માત.પ્રાંત ઓફિસર અનમોલ અવટેએ જણાવ્યું હતું કે, ફર્ન હોટેલ પાસે એક રોડ અકસ્માત થયો છે. જેમાં એક બસ, બે કાર અને એક મોટર સાઈકલ વચ્ચે જોરદાર અકસ્માત થયો છે. જેમાં ૭લોકોના મોત અને ૧૫ લોકો ઘાયલ છે. ઘાયલોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડાયા છે.

મૃતકોમાં પાંચ લોકો કલોલ ગાંધીનગરના રહેવાસી છે. જેમાં



હેતલબેન ઠાકુર (૨૮ વર્ષ), પ્રિયાંશી ઠાકુર (૧૮ વર્ષ), તાન્યા ઠાકુર (૩ વર્ષ), રિયાજી ઠાકુર (૨ વર્ષ) અને વિરેન ઠાકુરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બરડીયાના રહેવાસી ૨૬ વર્ષીય ચિરાગ રાણાભાઈ અને અન્ય એક મહિલાનું પણ મૃત્યુ નીપજ્યું છે.દ્વારકામાં થયેલ અકસ્માતમાં ઘાયલ લોકોને જી.જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તો દ્વારકા બનેલા અકસ્માતમાં બે લોકોને સારવાર માટે જી.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને તેમની હાલત ગંભીર છે.

## અર્વાચીન ગરબા રાત્રે ૧૨ સુધી જ ચાલવા દેવાશે : CP

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા રાત્રીના ૧૨ પછી સવારના પાંચ વાગ્યા સુધી નિયમોને આધીન નવરાત્રિમાં ગરબા રમી શકશેની જાહેરાત કરાઈ છે. સરકારના આ નિર્ણયને આવકારતા રાજકોટના અર્વાચીન ગરબાના આયોજકો સાથે દિવ્ય ભાસ્કરે વાત કરી હતી. શહેરના જૈનમ રાસોત્સવના મિલન કોઠારીએ જણાવ્યું કે, રાત્રીના ૧૨ પછી ખેલૈયાઓ રમવાના મૂડમાં હશે તો આસપાસના લોકોને નડતરરૂપ ન થાય તેવી રીતે ધીમા સંગીતના સથવારે ગરબા રમાડશું. ગરબા બાદ ડી.જે. સહિતના બેક સ્ટેજ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સહિયર રાસોત્સવના સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું કે, રાતના ૧૨ સુધી તો ગરબા ચાલે જ છે. ત્યારે આ વખતે અમે પહેલી વખત બેક સ્ટેજના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગરબા રમ્યા બાદ ખેલૈયાઓને શારીરિક રાહત મળે તે માટે ગરબા પછી મોડે સુધી ગીત-સંગીતના વિવિધ કાર્યક્રમોનું આ વર્ષે આયોજન કર્યું છે.

પ્રિયંકાબેન મોરાણિયાએ જણાવ્યું કે, ગુજરાતીઓ માટે નવરાત્રિનો તહેવાર મહત્ત્વનો છે. ત્યારે રાત્રીના ૧૨ પછી મોડે સુધી નિયમોને આધીન ગરબા રમી શકાશેના નિર્ણયથી ખેલૈયાઓ આનંદમાં આવી ગયા છે. કારણ કે, હવે ગરબા રમવા માટે વધુ સમય મળશે. જયારે મીનાક્ષીબેન પીપળિયાએ પણ નિર્ણયને આવકારી કહ્યું કે, અમે વિસ્તારમાં મહિલાઓ, યુવતીઓ માટે ગરબાનું આયોજન કરીએ છીએ. ત્યારે બાર વાગ્યા પછી ધીમા સંગીતના સથવારે ગરબા રમી શકાશેની જાહેરાતથી આ વર્ષે અમે પણ સોસાયટીના લોકોને પરેશાની ન થાય તેવું આયોજન કરી રહ્યા છીએ.નવરાત્રિના આખીરાત ગરબા રમી શકાશે, દુકાનો, હોટેલ-રેસ્ટોરન્ટ મોડીરાત સુધી ખુલ્લી રહી શકશે તેવી રાજયના ગૃહમંત્રી સંઘવીએ જાહેરાત કરી હતી. જોકે રાજકોટમાં રાત્રીના ૧૨ વાગ્યા સુધી જ અર્વાચીન ગરબા ચાલુ રહેશે



ત્યારબાદ લાઉડસ્પીકર વગર ખેલૈયાઓ રમી શકશે તેવું પોલીસ કમિશનર ઝાએ કહ્યું હતું. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આખીરાત ગરબા રમી શકાશે તેવી જાહેરાત કરતાં જ ખેલૈયાઓમાં ખુશીની લહેર ફરી વળી હતી. જોકે સાથોસાથ કેટલીક મૂંઝવણ પણ શરૂ થઈ હતી. નવરાત્રિના નવ દિવસોને ખાસ ગણી રાત્રીના ૧૨ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવાની છૂટ આપવામાં આવતી હોય છે. ગૃહમંત્રીની જાહેરાતથી લાઉડસ્પીકરનો મુદ્દો આયોજકો માટે મહત્ત્વનો બન્યો હતો, તો આખીરાત લાઉડસ્પીકર વગાડી શકાશે કે નિશ્ચિત સમય સુધી જ વગાડી શકાશે? તેવી ચર્ચા શરૂ થઈ હતી. આ મુદ્દે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાથે વાતચીત કરતા તેમણે સ્પષ્ટતા કરી હતી કે, અર્વાચીન ગરબામાં રાત્રીના ૧૨ વાગ્યા સુધી જ લાઉડસ્પીકર વગાડી શકાશે. ૧૨ વાગ્યા બાદ લાઉડસ્પીકરનો ઉપયોગ કરનાર સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. રાત્રીના ૧૨ વાગ્યા પછી લાઉડસ્પીકરનો ઉપયોગ કર્યા વગર ખેલૈયાઓ ઈચ્છે ત્યાં સુધી રમી શકશે. નવરાત્રિના આખીરાત ખેલૈયાઓને રમવાની છૂટ આપવાની સાથે ગૃહમંત્રીએ એવી પણ જાહેરાત કરી હતી કે, નાના વેપારીઓ આ મહોત્સવમાં વધુ કમાણી કરી શકે તે માટે આખી રાત દુકાનો, હોટેલ-રેસ્ટોરન્ટ ખુલ્લી રાખી શકશે. આ બાબતે કમિશનર ઝાએ કહ્યું હતું કે, ખાણીપીણીની દુકાનો, રેસ્ટોરન્ટ લોકો ફરતા હોય ત્યાં સુધી ખુલ્લી રહેશે તો તેને બંધ નહીં કરાય, જો કે, પોલીસનું સઘન પેટ્રોલિંગ રહેશે.

## જામનગર કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જાંબુડા ગ્રામ પંચાયત ખાતે સખી ટોક શોનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાની જાંબુડા ગ્રામ પંચાયત ખાતે રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સખી ટોક શો નું આયોજન કરવામાં આવ્યું હતું.સ્વચ્છતા અભિયાનમાં મહિલાઓને જોડાવવા માટે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જાગૃતિલક્ષી સંદેશ આપતા જણાવ્યું હતું કે, સ્વચ્છતાએ આપણા જીવનની પાયાની જરૂરિયાત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનનો એક ભાગ છે સ્વચ્છતા, ત્યારે તેમના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ માત્ર દેશને સ્વચ્છ રાખવાનો નહીં પરંતુ લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા, રોજિંદા જીવનમાં સ્વચ્છતાના આચરણને મહત્વ આપવાનો છે. આ અભિયાન દ્વારા અનેક સ્થળોની સફાઈ સાથે સ્વચ્છતાની નિરંતર સંસ્કૃતિનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે.મહિલાઓનો ફાળો સ્વચ્છતા અભિયાનમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. તેમના અમૂલ્ય યોગદાનથી આપણે સફાઈ અભિયાનને વધુ સફળ બનાવી શકીશું.ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા સખી મંડળોને વર્મી કમ્પોસ્ટ અંગે વિશેષ તાલીમ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. જેના પરિણામે મહિલાઓએ કચરાને ખાતરમાં પરિવર્તિત કરવાનો અભિગમ અપનાવ્યો છે. જેનાથી જમીનની ગુણવત્તામાં વધારો અને ગંદકીમાં ઘટાડો થયો છે.મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વચ્છતા આપણા દેશની ઓળખ બને તે માટે સ્વચ્છ ભારત મિશન થકી સમગ્ર દેશ સ્વચ્છતાને હર ઘર સુધી પહોંચાડવા પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમમાં સખી મંડળના બહેનો દ્વારા સ્વચ્છતાઓમાં મહિલાઓનો ફાળો અને કમ્પોસ્ટિંગનું



મહત્વ અને વર્મી કમ્પોસ્ટીંગ અને પશુ શેડની સ્વચ્છતા અંગે મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા ગ્રામ પંચાયતની આજુબાજુ સફાઈ તેમજ એક પેડ માં કે નામ અભિયાન હેઠળ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન દુધાગરા, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુન્દ સભાયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિમલ ગઢવી, તાલુકા વિકાસ અધિકારી સરવૈયા, અગ્રણી કુમારપાળસિંહ રાણા, કેસુભાઈ લૈયા, ભાવનાબેન, પ્રવિણભાઈ પરમાર, અધિકારીઓ, ગ્રામજનો તેમજ બહોળી સંખ્યામાં સખી મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનાના વાવરડાની સીમવાડી વિસ્તારમાં દીપડાએ હુમલો કરતા ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સરકારી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડાયો

રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના

**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના વાવરડાની સીમવાડી વિસ્તારમાં છ વર્ષના બાળક પર દીપડાએ હુમલો કરી ઈજા પહોંચતા તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલે સારવાર અર્થે હોસ્પિટલમાં આવેલ છે. જે અંગેની જાણ વન વિભાગને થતાં વન વિભાગનો સ્ટાફ હોસ્પિટલ દોડી જઈ આગળની વધુ વિગત મેળવી હતી.

ઉનાના વાવરડા ગામે મહાવીરસિંહ ભાવેશભાઈ બારૈયા (ઉં.વ.૬)ને તેની મોટી બહેન પોતાની નાના ભાઈની આંગળી પકડીને બાજુની ઘર તરફ ટીવી જોવા જતા હતા. ત્યારે ભાવુભાઈ બાલુભાઈ બારૈયાની વાડીમાં ખેતરમાં ઉભો પાક કપાસના વાવેતરમાંથી અચાનક દીપડો નીકળી તડાપ મારી મહાવીરસિંહ (બાળક) ઉપર હુમલો કરી દીધો હતો. જેથી રાડારાડ કરવા લાગતાં દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો.

દીપડાએ બાળકને જમણા કાન, બન્ને છાતીનાં ભાગે, પેટના ભાગે તેમજ પીઠના ભાગે નોર મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. બાળકને સમાન્ય થઈ હોય આ અંગેની



જાણ વન વિભાગે કરતા તાત્કાલિક વન વિભાગનો સ્ટાફ હોસ્પિટલ દોડી ગયેલ હતો. સમગ્ર ઘટનાની વિગતો મેળવી અને ઘટના સ્થળે પર તપાસ કરી દીપડાને પાંજરે પુરવા તજવીજ હાથ ધરી છે.

## જામનગરમાં વિશ્વ હૃદય દિવસની ઈએમઆરઆઈ જીએચેસ ૧૦૮ ટીમ દ્વારા ખાસ ઉજવણી કરાઈ



જામનગરમાં વિશ્વ હૃદય દિવસની ઈએમઆરઆઈ જીએચેસ ૧૦૮ ટીમ દ્વારા ખાસ ઉજવણી કરાઈ હતી જેમાં જામનગરના પોલીસ અને એસ.ટી ના કર્મચારીઓનું હેલ્થ ચેક કરી જરૂરી માર્ગદર્શન અપાયું હતું. ઈમરજન્સી કેસમાં ત્વરિત શું કાર્યવાહી કરવી તેની જાણકારી અપાઈ હતી.જામનગર શહેરમાં એસ.પી. કચેરી પાસે ઈએમઆરઆઈ જીએસએસ ૧૦૮ દ્વારા વિશ્વ હૃદય દિવસની વિશેષ રૂપે ઉજવણીના ભાગરૂપે પોલીસ વિભાગના કર્મચારીઓનું હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૦૮ના જિલ્લા મેનેજર જયદેવસિંહ જાડેજા અને તેમની ટિમ દ્વારા તમામ પોલીસ કર્મીઓને મેડીકલ ઈમરજન્સીમાં શું કાર્યવાહી કરવી તેની સમજ આપી હતી. સાથોસાથ બનાવના સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સને વહેલામાં વહેલી તકે કઈ રીતે બોલાવી શકાય તેની જરૂરી સમજ આપવામાં આવી હતી. તદઉપરાંત જામનગર જિલ્લા પંચાયત કચેરીના પટાંગણમાં એસ.ટી.વિભાગના કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ કરીને ૧૦૮ ની કામગીરી સંદર્ભે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

## પ્રોહીબીશન ગુનાના છેલ્લા દસ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાનથી દબોચી લેતી મોરબી પેરોલ ફર્લો સ્કવોડ



મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)પોલીસ મથકમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ આરોપી જે છેલ્લા દસેક વર્ષથી નાસતો ફરતો હોય તેને રાજસ્થાન રાજયના સીરોહી જીલ્લાના મંડાર વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. હાલ રાજસ્થાની આરોપીની અટક કરી માળીયા(મી) પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે. મોરબી જીલ્લા પોલીસની પેરોલ ફર્લો સ્ક્વોડ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ પ્રયત્નશીલ હતા. દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના આઈએસઆઈ વિક્રમસિંહ બોરાણા, જયવંતસિંહ ગોહીલ, હેડ કોન્સ.દશરથસિંહ ચાવડાને ખાનગીરાહે હકિકત મળેલ કે, માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશન ગુનામાં સંડોવાયેલ આરોપી અર્જુનસિંહ દોલતસિંહ સોલંકી(રાજસ્થાનવાળો) છેલ્લા દસ વર્ષથી નાસતો ફરતો હોય જે હાલ રાજસ્થાનના સીરોહી જીલ્લાના રેવદર તાલુકા રાયપુર ગામે હોવાની ચોકકસ હકિકત મળતા જે હકિકત આધારે મંડાર પોલીસ મથક વિસ્તારમાં આવેલ રાયપુર ગામે તપાસ કરતા ઉપરોકત ગુનાના કામે નાસતો ફરતો આરોપી અર્જુનસિંહ દોલતસિંહ ઉતમસિંહ સોલંકી(રાજપુર) ઉવ. ૪૩ રહે. હાલ રાયપુર તા.રેવદર જી.સીરોહી (રાજસ્થાન) મુળ રહે. સેવાડા તા.રાણીવાડા જી. ઝાલોર (રાજસ્થાન) વાળો મળી આવતા તેને ઝડપી લઈ હસ્તગત કરી મજકૂર આરોપીને હસ્તગત કરી માળીયા(મી) પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી સબબ સોંપવા કામગીરી હાથ ધરી છે.

## મોરબી ફાયર વિભાગની બે દિવસની શોધખોળ બાદ ડેમમાંથી યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો



મોરબી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ દ્વારા લાલપર પાસે આવેલ ડેમના પાણીમાં ડૂબેલ યુવાનની સતત બે દિવસની શોધખોળની ભારે જહેમત બાદ ડૂબેલ યુવાનનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૨૭/૦૯ના રોજ મોરબી ફાયર કન્ટ્રોલ રૂમ ખાતે કોલ મળ્યો હતો કે લાલપર ક્રિષ્ના હોટેલ પાસે રહેતા વિપુલભાઈ ભુપતભાઈ કણસાગરા ઉવ.૨૨ નામનો યુવક કેનાલની બાજુમાં આવેલ ડેમમાં કોઈ કારણોસર પાણીમાં ડૂબી ગયેલ છે. જે કોલ મળ્યે તુરંત ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની રેસ્ક્યુ ટીમ દ્વારા સ્થળ ઉપર પહોંચી ડેમના પાણીમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ત્યારે સતત બે દિવસની શોધખોળ બાદ તા. ૨૯/૦૯ના રોજ ડેમના પાણીમાંથી યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારે મૃતક વિપુલભાઈની ડેડબોડી પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

## વકીલ, મિડીયા હાઉસ, લીગલ એડવાઈઝરના નામે ખોટી ઓળખ આપનાર શખ્સ ઝડપાયો



જામનગર શહેરમાં રહેતા યુવાને પોતાની ખોટી ઓળખ ઉભી કરી એસોસીએશન નાગરીકો અને પોલીસમાં પોતે વિશેષ શાખા તેમજ સરકારી કચેરી અને સરકારી વકીલના લીગ્લ એડવાઈઝર તેમજ એકસપર્ટની ઓળખ આપી લોકો સાથે છેતરપિંડી કરતો હોવાનું પોલીસને જાણવા મળતા તેમણે આ શખ્સને પકડી પાડી ખરાઈ કરી તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.જામનગર શહેરમાં રહેતા જયવીન સંજયભાઈ પુંજાણી નામનો શખસના નામે અનેક રજૂઆતો એસોસીએશન ગ્રુપ, નાગરીકો દ્વારા સીટી-બી પોલીસ સ્ટેશન તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને મળી હતી જે મુજબ જયવીન પોતે પોલીસ વિભાગની વિશેષ શાખા, કચેરીઓ તથા અન્ય સરકારી કચેરીમાં લીગ્લ અને ટેકનીકલ એડ તરીકે ઓળખ આપી શુભેચ્છા મુલાકાત લઈ અધિકારીઓ તથા વકીલ સાથે ફોટા પડાવી તેનો ઉપયોગ કરી સામાન્ય જનતા સાથે તે એવું જણાવે કે, પોતે પોલીસ ખાતાના અધિકારીઓ, કોર્ટ, કોર્પોરેટ આરબી ટેટર, લીગલ એડવાઈઝર, પોલીટીકલ સ્ટ્રેટીજીસ્ટ તથા મીડીયા હાઉસની ઓળખ આપી ખોટી માહિતી લોકોમાં આપતો ફરે અને બાદમાં લોકો પાસેથી કેસ લડવાના, સમાધાન કરવાના કે કોર્ટ કાર્યવાહીના નામે પૈસા પડાવવાના પ્રયત્નો કરે આ અંગે પોલીસે તેની તપાસ કરતા તે આવી કોઈ ડિગ્રી કે સંસ્થા સાથે જોડાયેલો ન હોવાનું જાણવા મળતા તેની સામે ભારતીય નાગરીક ન્યાય સહિતના મુજબ પ્રિવેન્ટીવ એકશન લેવામાં આવ્યા હતાં.

## જામનગર જિલ્લાના કાલાવડનાં પાંચ રહેણાંક મકાનોમાં તસ્કરો ત્રાટક્યા









**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડમાં મોડી રાત્રે પાંચ રહેણાંક મકાનોમાં તસ્કરો ત્રાટક્યા હતા. લાખોની રોકડ રકમ સહિત સોના- ચાંદીના દાગીનાની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા.કાલાવડ શહેરમાં વાવડી રોડ પર આવેલ પીજીવીસીએલની કચેરી સામે અવધ રેસિડેન્સી અને શ્યામ વાટિકામાં આવેલા રહેણાંક વિસ્તારમાં તસ્કરોએ પાંચ મકાનને નિશાન બનાવ્યા હતા. તેમાં મકાનના તાળા તોડી અંદર ઘૂસીને સોના-ચાંદીના દાગીના જેમાં ૧૦ તોલા જેટલું સોનુ અને ૧૦ લાખની રોકડની ચોરી થઈ હોવાનું રહેવાસીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. આ બનાવની જાણ થતા કાલાવડ ટાઉન પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ તપાસ હાથ ધરી છે.પોલીસે આજુબાજુના લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. એકી સાથે પાંચ મકાનના તાળા તૂટતા રહેવાસીઓમાં ભય ફેલાયો છે. પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.કાલાવડ શહેરમાં જે રહેણાંક મકાનમાં તાળા તોડીને તસ્કરો અંદર ઘુસિયા હતા અને ચોરી કરી હતી. ત્યારે સમગ્ર ઘરમાં પણ રેલમછેલ બોલાવી દીધી હતી. ઘરમાં ફોટોમાં લગાવેલી ખોટી ચલણી નોટો પણ વેરવિખેર થયેલી રૂમમાં જોવા મળી હતી. રહેણાંક મકાનમાં તમામ રૂમમાં સામાન પણ વેરવિખેર જોવા મળી રહ્યો છે. હાલ તો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો છે. સમગ્ર વિગતો મેળવી તપાસનો ધમધમા શરૂ કર્યો છે.

### જામકંડોરણામાં રાજકોટ જિલ્લાની અગ્રણી સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના વિકાસથી ખેડૂત, ખેતી, મહિલા, ગામડા સક્ષમ બન્યા છે : ભૂપેન્દ્રભાઈ પટેલ

## વિના સહકાર નહિ ઉદ્ધાર, સૌના સાથ, સૌના વિકાસની સહકારની ભાવના ગુજરાતીઓના સ્વભાવ, સંસ્કારમાં સહજ રીતે વણાયેલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લાના જામકંડોરણા ખાતે, રાજકોટ જિલ્લા સહકારી બેન્ક સહિત જિલ્લાકક્ષાની સાત સહકારી સંસ્થાઓનો વાર્ષિક સાધારણ સભા-સમારોહ યોજાયો હતો. આ વાર્ષિક સાધારણ સભામાં રાજકોટ તથા મોરબી જિલ્લાની સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા સહકારી આગેવાનો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણને ''સહકારથી સમૃદ્ધિ''ના સૂત્ર સાથે સહકારી ક્ષેત્રે આગળ વધવાનો કાર્યમંત્ર આપ્યો છે. ગુજરાત આઝાદીના આંદોલનમાં પણ અસહકારની ચળવળમાં અગ્રેસર હતું. આજે એ જ ગુજરાત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રમાં અગ્રેસર છે. ગુજરાતમાં આવેલી સહકારી ક્રાંતિને ભારતભરમાં વ્યાપક બનાવવા માટે વડાપ્રધાને સહકાર મંત્રાલયની સ્થાપના કરેલી છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના વિકાસથી ખેડૂત, ખેતી, મહિલા અને ગામડા સક્ષમ બન્યા છે તેની પ્રતીતિ આજનો આ ઉત્સવ કરાવે છે. રાજકોટ જિલ્લાની સાત સહકારી સંસ્થાઓ જનસેવા અને જન કલ્યાણ માટે જે રીતે કાર્ય કરી રહી છે તે અભિનંદનને પાત્ર છે.

રાજકોટ જિલ્લા સહકારી બેન્કની પ્રગતિની વિગતો સાથે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજકોટ અને મોરબી જિલ્લાની ૪૫૦ જેટલી સહકારી મંડળીઓના આશરે બે લાખ ૩૫ હજાર જેટલા ખેડુતો આ બેન્ક સાથે જોડાયેલા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આ બેન્કના નવા ભવનનું ઉદ્દઘાટન કર્યું હતું, તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ બેન્ક આજે નાના માણસોને ૨૪ કલાક રોકડની સેવા આપી રહી છે. આ બેન્ક નાના માણસો અને નાના ખેડૂતોની મોટી બેન્ક તરીકે ઊભરી આવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતની સહકારી ચળવળ સમાજવાદ અને મૂડીવાદ સામે વૈકલ્પિક મોડેલ તરીકે ઊભરી આવી છે. આપણે ત્યાં સેવા મંડળી, ક્રેડિટ મંડળી, મહિલા મંડળી, મચ્છી મંડળીના કારણે દલિત, ગરીબ, પછાત, ઉપેક્ષિત, ખેડૂતો અને અને શ્રમિકો આર્થિક રીતે સમૃદ્ધ અને પગભર થયા છે. ગુજરાતે મેક્રો અને માઈક્રો સ્તરે સહકારીતાના લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે.

આ તકે કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે જિલ્લા સહકારી બેન્કની વિશિષ્ટ સિદ્ધિઓ જણાવતા કહ્યું હતું કે, રાજકોટ જિલ્લા સહકારી બેન્ક દ્વારા ખેડૂતોને રૂ. ૧૦ લાખનો અકસ્માત વીમો અને ગંભીર માંદગીના કિસ્સામાં રૂ. ૧૫ હજારની સહાય આપવામાં આવે છે.

વધુમાં, તેમણે સરકારના ખેડૂત કલ્યાણલક્ષી પ્રયાસો વર્ણવતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર લાખો ધરતીપુત્રો પાસેથી વિવિધ જણસીઓની વાજબી અને પોષણક્ષમ ભાવે ટેકાની ખરીદી કરીને તેઓને આર્થિક સહાય કરી રહી છે.

જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે ખેડૂતોને સારા-માઠા પ્રસંગોમાં મદદ કરવા માટે રાજકોટ જિલ્લા સહકારી બેન્ક કાયમી ધોરણે અડીખમ ઊભી રહી છે. અનેક વિશિષ્ટ કામગીરી બાબતે દેશભરની સહકારી બેન્કોને આ બેન્કે નવો રાહ ચિંધ્યો છે. ખેડૂતોએ પણ વિપરીત પરિસ્થિતિમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેન્ક ઉપર વિશ્વાસ મૂક્યો છે.

ધારાસભ્યએ પ્રાસંગિક ઉદબોધનમાં વર્ષ ૨૦૨૩-'૨૪ માટે સભાસદોને ૧૫% ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી. તેમજ તેમણે શેર ભંડોળ, રિઝર્વ ફંડ, થાપણો, ધિરાણો, રોકાણોમાં છેલ્લા સાત વર્ષ દરમિયાન થયેલા વધારાને રજૂ કર્યો હતો. ઉપરાંત, તેમણે કેન્દ્ર સરકારની 'સહકાર સે સમૃદ્ધિ' યોજના અન્વયે ખેડુતોના બેન્કમાં ખાતા ખોલાવવાની કામગીરીને ધ્યાને લઈને બેન્ક લોન મેળવતી દરેક ખેતી વિષયક મંડળીઓના મંત્રીઓને પ્રોત્સાહિત રકમ રૂ. ૫૦૦૦ આપવા, ગ્રામ્ય સૌર ઊર્જા યોજના હેઠળ રૂ. ૩ લાખની મર્યાદામાં લોન આપવા સહિતની જાહેરાતો કરી હતી.

આ તકે રાજકોટ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન જયેશભાઈ રાદડિયાએ સહકારી ક્ષેત્ર માટે નવું તાલીમ ભવન બનાવવાની જાહેરાત કરતા કહ્યું હતું કે, રાજકોટ ગોંડલ હાઈવે પર પારડી ખાતે પાંચ હજાર ચોરસ મીટરમાં સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા સહકાર તાલીમ ભવન બનાવવામાં આવશે.

આ તકે રાજકોટ જિલ્લા સહકારી બેન્કની ૬૫મી વાર્ષિક સાધારણ સભા જયેશભાઈ રાદડિયા, ચેરમેન-શ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંક લીના અધ્યક્ષસ્થાને મળી હતી. શ્રી જયેશભાઈ રાદડિયાએ બેન્કનો સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનો ચોખ્ખો નફો રૂ.૮૭ કરોડ થયાની અને સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી. આ વાર્ષિક સાધારણ સભામાં ૧૫ વર્ષથી વધુ સતત પ્રમુખ તરીકે સેવા આપનાર પ્રમુખઓને સાફો, ફુલહાર, શાલ, શિલ્ડ અને પુરસ્કાર રૂપે રૂા.૨૧,૦૦૦ના ચેકથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

આ સાથે બેન્કની અકસ્માત વીમા યોજના અન્વયે અકસ્માતે અવસાન પામેલા ૧૨ સભાસદોના વારસદારોને રૂા. ૧૦ લાખના ચેક તથા વિઠ્ઠલભાઈ રાદડિયા મેડીકલ સહાય યોજના હેઠળ રૂા.૧૫,૦૦૦ હજારનાં ચેક મુખ્યમંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.આ તકે ઈફકો-ન્યુ દિલ્હીના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી, રાજકોટ મહાનગર પાલિકાના મેયર નયનાબહેન પેઢડિયા, ધારાસભ્યો સર્વ દુર્લભજીભાઈ દેથરિયા, કાંતિભાઈ અમૃતિયા, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલિયા, મોરબી જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારઘી, અગ્રણી સર્વશ્રી ડો. ભરતભાઈ બોઘરા અને અલ્પેશભાઈ ઢોલરિયા, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર ઉપાધ્યાય, ગુજરાત સ્ટેટ કો.-ઓપ. બેન્કના ચેરમેન અજયભાઈ પટેલ, નાબાર્ડના સી.ઈ.ઓ. બી. કે. સીંઘલ, નાબાર્ડના જનરલ મેનેજર સોમેન્દરસિંઘ, રાજકોટ ડિસ્ટ્રી. કો.-ઓપ. બેન્કના વા.ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેક્ટર ઘનશ્યામભાઈ ખાટરીયા, જનરલ મેનેજર વી.એમ. સખીયા, રાજકોટ દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલિયા, રાજકોટ ડેરીના પૂર્વ અધ્યક્ષ ગોવિંદભાઈ રાણપરીયા, અન્ય સહકારી આગેવાનો, ખેડૂતો હાજર રહ્યા હતા.આ કાર્યક્રમનું સફળ સંચાલન હાર્દિકભાઈ સોરઠીયાએ કર્યુ હતું. જયારે આભારવિધિ બેંકના જનરલ મેનેજર વી.એમ.સખીયા દ્વારા કરવામાં આવી હતી.









# રાજકોટ રેલ્વે ડિવિઝનમાં વિવિધ સ્ટેશનો પર ફૂડ સ્ટોલ, કેન્ટીન અને ટ્રેનોમાં પેન્ટ્રી કારમાં ચેકીંગઃ ખાદ્યપદાર્થોના નમૂના લેવાયા



પશ્ચિમ રેલવે ના રાજકોટ ડિવિઝન પર પસ્વચ્છતા હી સેવા ૨૦૨૪થ ઝુંબેશ ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન સક્રિયપણે આયોજિત કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત અનેક જાગૃતિ અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત સ્વચ્છ ખાદ્ય પહેલ અંતર્ગત ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ફડ સ્ટોલ, કેન્ટીન અને ટ્રેનોમાં પેન્ટ્રી કાર વગેરેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય નિરીક્ષકો અને વાણિજ્ય નિરીક્ષકોએ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા અને અન્ય સ્ટેશનો પર આવેલા કેટરીંગ સ્ટોલ અને ટ્રેનોમાં આવેલી પેન્ટ્રી કારનું નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરો, વિક્રેતાઓ અને રેલ્વે કર્મચારીઓને સ્વચ્છ ખોરાક વિશે માહિતી પૂરી પાડી હતી અને ખોરાકના નમૂના લેવામાં આવ્યા હતા. રાજકોટ સ્ટેશન અને અન્ય સ્ટેશનો પર નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નુક્કડ નાટકો દ્વારા રેલ્વે મુસાફરો, કુલીઓ, વિક્રેતાઓ અને કર્મચારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકના નુકસાન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને સ્વચ્છતા જાળવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# શ્રી શ્યામલાલજી હવેલીમાં આવતીકાલે મહાદાન મનોરથના દર્શનની ઝાંખી



**મુખ્ય સમાચાર,રાજકોટ** સાંજે ૫ઃ૦૦ થી ૬ઃ૩૦ સુધી શ્રી યમુનાષ્ટક ના પાઠ તેમજ મહાદાન મનોરથ દર્શન ની ઝાંખી સાંજે ૬ઃ૦૦ થી થશે. તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને દર્શન નો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.શ્યામ લાલજી ની હવેલી પંચનાથ મંદિર મેઈન રોડ, જય સીયારામ પેંડા વાળાની સામે, રાજકોટ હવેલીનંબરઃ-૮૫૧૧૭૬૩૭૬૩/ ૮૫૧૧૭૬૩૭૬૩

# સરગમ ચિલ્ડ્રન ક્લબના સભ્યો માટે વેલકમ દાંડિયા રાસનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ ચિલ્ડ્રન કલબ દ્વારા આગામી તા. ૦૨/૧૦/૨૦૨૪ ને બુધવાર એ એક દિવસના વેલકમ દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું છે.આ વેલકમ નવરાત્રી તા. ૦૨/૧૦/૨૦૨૪ ને બુધવાર ડી.એચ. કોલેજ ( યાજ્ઞિક રોડ )ના મેદાનમાં સાંજે ૬/ ૦૦ થી ૮/૦૦ વચ્ચે રમાશે અને ચિલ્ડ્રન કલબના તમામ સભ્યોને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવશે. આ રાસોત્સવમાં ચાર ગ્રૂપમાં એટ્લે કે ૬ થી ૧૦ વર્ષ બોયસ અને ગલ્સ અને ૧૧ થી ૧૫ વર્ષમાં બોયસ અને ગલ્સ ગ્રૂપમાં રહેશે. વેલડ્રેસ પ્રિન્સ અને પ્રિન્સેસ એવી રીતે આકર્ષક ઈનામો આપવામાં આવશે. કુલ ૧૦૦ ઈનામ રાખવામાં આવ્યા છે તમામ ખેલૈયા મોડામાં મોડા ૬/૦૦ વાગ્યા સુધીમાં ગ્રાઉન્ડમાં આવી જાય તે જરૂરી છે.

આ વેલકમ નવરાત્રીમાં મન્સૂર ત્રિવેદી પ્રસ્તુત મ્યૂઝિકલ મેલોડી કલર્સ સંગીત પીરસશે. મુંબઈના કલાકાર હેમંત પંડ્યા, નિલેષ પંડ્યા, પ્રિયા જોશી ,પૂજા દવે વગેરે ગરબા ગાશે.સાથે કીબોર્ડ તુષાર ગોસાઈ, રીલેશ પરમાર રીધમ અને એલાઉન્સર તરીકે દિનેશ બાલાસરા સંચાલન કરશે.

આ વેલકમ નવરાત્રીમાં તમામ બાળકો આઈકાર્ડ સાથે લઈને આવવાનું રહેશે. તેના વગર પ્રવેશ નહી મળે અને તેમનું આઈકાર્ડ પિનઅપ કરીને આવે જેથી પ્રવેશમાં મુશ્કેલી ન થાય. જો કોઈનું કાર્ડ ખોવાઈ ગયું હોય તો સરગમની ઓફિસે આવીને નવું કઢાવી લેવું જરૂરી છે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળા ના માર્ગદર્શન હેઠળ અલકાબેન કામદાર, નીલુબેન મહેતા, ડો. અલ્કાબેન ધામેલિયા, મધુરિકાબેન જાડેજા, ગીતાબેન હીરાણી, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, અને વૈશાલીબેન શાહ તેમજ લેડીઝ કલબના કમિટી મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છે.

# રેસકોર્સ ગ્રાઉન્ડમાં સહિયર રાસોત્સવના સથવારે ખૈલેયાઓ બોલાવશે રાસની રમઝટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવરાત્રિને હવે માત્ર ગણ્યા ગાંઠ્યા જ દિવસો બાકી રહ્યા છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ નસહિયર રાસોત્સવથનું ભવ્ય આયોજન તા. ૩થી શહેરના હાર્દ સમાન રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. આગામી તા. ૩થી સતત ૧૦ દિવસ સાંજ પડતાંની સાથે જ રેસકોર્સ ગ્રાઉન્ડમાં રાસોત્સવનો સૂર્યોદય થશે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત નસહિયર રાસોત્સવથની તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવ્યો છે.જેમ જેમ નવરાત્રિ નજીક આવતી જાય છે તેમ તેમ રંગીલા રાજકોટના ખેલૈયાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવવા થનગની રહ્યા છે ત્યારે સતત ૨૩ વર્ષથી નસહિયર રાસોત્સવથનું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નસહિયર રાસોત્સવથ હરહંમેશ કંઈક ને કંઈક નવું આપવા તત્પર છે ત્યારે આ વર્ષે પણ વિશાળ ગ્રાઉન્ડમાં ખ્યાતનામ કલાકારો રાસની રમઝટમાં ખેલૈયાઓને ઓળઘોળ કરશે. નસહિયરથમાં આ વર્ષે પણ દર વર્ષની જેમ સુપ્રસિદ્ધ ગાયક કલાકારો રાહુલ મહેતા, અપેક્ષાબેન પંડ્યા અને તેજસ શિશાંગીયા પોતાના સૂર-તાલના સથવારે ખેલૈયાઓને ડોલાવશે. ખાસ તો સહિયરમાં ખેલૈયાઓ માટે સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનશે. સહિયર ક્લબની સફળતા અને લોકોનો પ્રેમ હંમેશા આયોજનની વિશેષતાઓ માટે રહ્યો છે. રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ પર રાસોત્સવ માટે મોકળાશથી રમી શકાય તેવો વિશાળ પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે.એલઈડી લાઈટીંગ વ્યવસ્થા દ્વારા સમગ્ર ગ્રાઉન્ડ ઝળહળી ઉઠશે. સહિયર કલબમાં અર્વાચીન ડાંડીયા રાસમાં દર વર્ષે સિક્યોરિટી લાજવાબ હોય છે. બાઉન્સરો દ્વારા સિક્યોરિટીની ચુસ્ત વ્યવસ્થા જાળવવામાં આવશે. બાઉન્સરો દ્વારા મેટલ ડીટેક્ટરથી ખૈલેયાઓને અને પ્રેક્ષકોને ચેક કર્યા બાદ જ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે. સમગ્ર ગ્રાઉન્ડમાં ડિજિટલ કેમેરા દ્વારા લોકો પર બાજ નજર રાખવામાં આવશે. સહિયર કલબ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ગ્રાઉન્ડમાં અંદાજે ૭ હજાર જેટલા લોકો મોકળાશથી રાસ-ગરબાની રમઝટ માણી શકશે. સહિયર કલબના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ ખેલૈયાઓ પરંપરાગત પરિધાન સાથે રસોસ્તવમાં જોડાવા ખાસ અપીલ કરી છે. આ રાસોત્સવને સફળ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ટિમ ચંદુભા પરમાર, કૃષ્ણરાજસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, જયદીપ રેણુકા, વિજયસિંહ ઝાલા, પ્રકાશ કણસાગરા, સમ્રાટ ઉદેશી, ધૈર્ય પારેખ, ક્રિષ્નપાલસિંહ વાળા જહેમત ઉઠાવી રહ્યા છે.

# થોરાળા પોલીસે હજારો લીટર દારૂ-આથો પકડી બુટલેગર સામે લાલ આંખ કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશી-વિદેશી દારૂના વેપલા ઉપર એક બાદ એક દરોડા પાડવાનું શરૂ કરાતાં જ સ્થાનિક પોલીસ ઉપર કામગીરી બતાવવાનું દબાણ આવી પડ્યું છે.

બીજી બાજુ પોલીસ કમિશનરને દેશી દારૂની ભઠ્ઠી તેમજ વિદેશી દારૂની રાફેરીથી સખ્ત નફરત હોય તેમણે સ્ટાફને આ બદીને કાબૂમાં કરવા આદેશ આપતાં જ તમામ બ્રાન્ચ તેમજ સ્થાનિક પોલીસ કડક અલગ-અલગ ૧૦ સ્થળે રાતથી સવાર સુધી દરોડા પાડી ૧૦ બૂટલેગરને દબોચ્યાઃ ૧૬ બોટલ વિદેશી દારૂ પણ મળ્યોઃ ભઠ્ઠીનો નાશ હાથે કામ લઈ રહી છે. દરમિયાન દેશી - વિદેશી દારૂના વેચાણ તેમજ ઉત્પાદન માટે હબ ગણાતાં થોરાળા વિસ્તારમાં પીસીબી ત્રાટકે તે પહેલાં જ થોરાળા પોલીસે મધરાતથી લઈ સવાર સુધી ઓપરેશન ચલાવી હજારો લીટર દેશી દારૂ-આથી પકડી પાડયો હતો. થોરાળા પોલીસ મથકના પીઆઈ એન. જી. વાઘેલાના માગદર્શન હેઠળ પીએસઆઈ સી. વી. ચુડાસમા સહિતના સ્ટાફે અલગ-અલગ દસ સ્થળે દરોડા પાડીને ૨૬૦ લીટર દેશી દારૂ, ૨૨૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો, દેશી દારૂ બનાવવા માટે ભઠ્ઠીના સાધનો તેમજ ૧૬ બોટલ વિદેશી દારૂ મળી કુલ ૧,૨૨,૫૪૦ રૂપિયાના મુદ્દામાલ સાથે સાત મહિલા સહિત ૧૦ લોકોની ધરપકડ કરી હતી. અમુક સ્થળે તો પોલીસ ત્રાટકી ત્યારે બનાવવાનું ચાલું હોવાનું ધ્યાન પર ષ હક્ષશ આવતાં પોલીસે તાત્કાલિક અસરથી દારૂ સહિતનો નાશ કર્યો હતો.

# દાહોદની છ વર્ષની દીકરીના હત્યારાને ફાંસી આપવા આપની માંગ સાથે હલ્લાબોલ









(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં દાહોદની એક સરકારી શાળાના આચાર્યએ છ વર્ષની માસુમ સાથે દુષ્કર્મ આચારવાની કોશિશ કરી તેની હત્યા કરી નાખી હતી જે અંગે આજે આમ આદમી પાર્ટી તેમજ સી વાય એસ એસ દ્વારા તેના વિરોધમાં પ્લે કાર્ડ તેમજ સૂત્રચાર સાથે રાજ્ય સરકાર વિરુદ્ધ કિશન પરા ચોક ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું

ગુજરાતના દરેક શહેરોમાં વારંવાર મહિલાઓ તેમજ વિદ્યાર્થીનીઓ સાથે દુષ્કર્મા અત્યાચાર અને હત્યા જેવી ઘટનાઓ બનતી રહે છે તે ખૂબ ગંભીર બાબત છે આવા બનાવવાના રોકવા સી એસએસના પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી સહિત ના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરી કડકમાં કડક કાયદો બનાવવા સરકારને જણાવ્યું હતું વધુમાં કંપાવનારી ઘટનામાં દીકરીના અત્યારે આચાર્યને તાત્કાલિક ફાંસીની સજા આપવામાં આવે તેવી માંગ કરી હતી.

આ પહેલા ભાજપ સરકાર બેટી પઢાઓની વાતો કરે છે પણ જે રીતની ઘટનાઓ રાજ્યભરમાં બની રહી છે ત્યારે ગુજરાતના વાલીઓને પોતાની બેટી બચાઓની ફરજ પડી રહી છે. દીકરીની હત્યા કરનાર તોરણી પ્રાથમિક શાળાના આચાર્ય ભાજપની વિચારધારા સાથે જોડાયેલ આરએસએસનો પ્રચારક છે. આરએસએસ, વિશ્વ હિન્દુ પરિષદ તથા ભાજપ આવા અપરાધી સામે કોઈપણ વિરોધ કેમ દર્શાવતા નથી ? અન્ય રાજ્યોમાં બનતા બળાત્કારના બનાવોમાં ભાજપના નેતાઓ ત્યાંની સરકારોને દોષિત ઠેરવે છે ત્યારે ગુજરાતમાં આવી ઘટનાઓમાં મૌન કેમ છે ? રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક છે. રાજ્યમાં બનેલ ઘટનાઓએ શિક્ષણ જગતને શર્મસાર કર્યુ છે અને વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે.

કાળજું કંપાવનારી દાહોદ ખાતે માસુમ દીકરીની હત્યાની ઘટનામાં આરોપીને ફાંસીની સજા કરવાની માંગ સાથે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જેમા રાજકોટ શહેર કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો તથા સ્થાનિક નાગરિકોને સાથે રાખી કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રદૂષણમાં ઘટાડો કરવાના ભાગરૂપે ૨૬ સીએનજી બસનુ લોકાર્પણ

## આજથી શહેરમાં સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવામાં કુલ–૭૮ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ તથા કુલ–૯૯ ઈલેક્ટ્રિક બસ કાર્યરત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટનાં શહેરીજનોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ કુલ ૧૫૧ બસ મારફત સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ મહાનગરપાલિકાની કંપની, રાજકોટ રાજપથ લી. (જ્રટ) દ્વારા કરવામાં આવી રહેલ છે. આ બંને બસ સેવાનો દૈનિક ધોરણે અંદાજીત ૫૦,૦૦૦ થી વધુ લોકો દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે.

નરાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસથ દ્વારા શહેરમાં બી.આર.ટી.એસ. તથા સિટી બસ સેવા ચલાવવામાં આવે છે. હાલ શહેરમાં સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવામાં ૫૨ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ તથા ૯૯ ઈલેક્ટ્રિક બસ કાર્યરત છે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્બન ઉત્સર્જનમાં તથા પ્રદૂષણમાં ઘટાડો કરવાના ભાગરૂપેઆજ તા.૩૦/૦૯/૨૦૨૪ના રોજ વધુ નવી ૨૬ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ શરૂ કરવામાં આવી. આ ૨૬ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસને મેયરનયનાબેન પેઢડીયાતથા અન્ય મહાનુભાવોના વરદ હસ્તે ફ્લેગ આપી, લોકાર્પણ કરવામાં આવ્યું.આજથી શહેરમાં નરાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસથની ૭૮ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસશહેરી પરિવહનમાં કાર્યરત રહેશે.

આ નવી ૨૬(છવ્વીસ) સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસના લોકાર્પણ(ફ્લેગ ઑફ) કાર્યક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, કાયદો અને નિયમોની સમિતિના







ચેરમેન કંકુબેન ઉધરેજા,કોર્પોરેટર મંજુબેન કુગાશીયા, દક્ષાબેન વાઘેલા, સંજયસિંહ રાણા, આર.આર.એલ.ના જનરલ મેનેજર વાય.કે.ગૌસ્વામી, પી.એસ.ટુ મેયર અને મેનેજર વિપુલ ઘોણીયા, મેનેજર મનીષ વોરા, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર,અગ્રણી ઘનશ્યામભાઈ કુગશીયા, નટુભાઈ વાઘેલા, આર.આર.એલ.ના અધિકારીઓ–કર્મચારીઓ, એજન્સીના પ્રતિનિધિઓ તથા બહોળી સંખ્યમાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રેવન્યુ સોસાયટીમાં વાળ ખરીદીના બહાને વૃદ્ધાને માર મારી સાસુ–વહુએ ચલાવી રૂ૧.૪૨ લાખની માળાની લૂંટ

### ઘટનાને પગલે એકઠા થયેલા લોકોએ એક મહિલાને પકડી પાડી; પોલીસ ફરિયાદના આધારે અન્ય મહિલાની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલ પાછળ આવેલી રેવન્યુ સોસાયટીમાં રહેતુ વૃદ્ધ દંપતિ ઘરે હતું ત્યારે બે અજાણી મહિલા વાળ વેચવાના બહાને ઘરે આવી ઠંડુ પાણી પાવાનું કહ્યું વૃદ્ધા પાણી ભરવા જતા જ વૃધ્ધા ઉપર હુમલો કરી સોનાના ચેનની લૂંટ ચલાવી હતી. વૃદ્ધાએ રાડારાડી કરતા એકઠા થયેલા લોકોએ એક મહિલાને ઝડપી લીધી હતી જ્યારે નાસી છુટેલી મહિલાની પોલીસે ફરિયાદના આધારે શોધખોળ હાથ ધરી છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ વિરાણી હાઈસ્કૂલ પાછળ આવેલી રેવન્યુ સોસાયટીમાં રહેતા ભાનુબેન ત્રિભુવનદાસ હરિયાણી (ઉ.વ.૮૫) અને તેમના પતિ ત્રિભુવનદાસ હરિયાણી (ઉ.વ.૮૮) શનિવારે સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે તેમની મકાનની ડેલી ખખડવાનો અવાજ આવતાં વૃદ્ધા ભાનુબેન ડેલીએ ગયા હતા અને ડેલી ખોલી હતી. ડેલીની બહાર બે મહિલા ઊભી હતી તે બંનેએ પતમારે વાળ વેચવાના હોય તો કહો અમે ૧૦૦ ગ્રામના ૫૦૦ રૂપિયા આપશુંથ તેવી વાત કરી હતી. ભાનુબેને મારા ઘરે વાળ નથી તેમ કહી ડેલી બંધ કરવાનો પ્રયાસ કર્યો તે સાથે એક મહિલાએ પાણી પાવ તેમ કહેતા ભાનુબેન ડેલી ખુલ્લી રાખીને પાણીનો લોટો ભરવા રસોડા તરફ ગયા હતા.

૮૫ વર્ષના વૃદ્ધા ઘરમાં આગળ ચાલી રહ્યા હતા તે સાથ જે બે મહિલા ઘરમાં ઘૂસી હતી. એક મહિલાએ પાછળથી વૃદ્ધા ભાનુબેનનો હાથ પકડી લીધો હતો અને બીજી મહિલાએ ભાનુબેને પહેરેલી પારાવાળી ૨૨ કેરેટની ૨૦.૭૫૦ ગ્રામ સોનાની રૂ.૧.૪૨ લાખની કિંમતી માળા આંચકી લીધી હતી.

સોનાની માળાની લૂંટ ચલાવી વૃદ્ધાને ધક્કો મારી બંને મહિલા નાસી ગઈ હતી. ઘટનાને પગલે વૃદ્ધા ભાનુબેને સતર્કતા દાખવી હતી અને તેમણે બૂમાબૂમ કરતા પાડોશીઓ એકઠા થઈ ગયા હતા અને તેમણે ભાગી રહેલી બે મહિલા પૈકી એકને ઝડપી લીધી હતી, જ્યારે બીજી નાસી ગઈ હતી. નાસી છુટેલી મહિલાની ફરિયાદના આધારે પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## રાજકોટની કંપનીને સલ્ફર ગ્રેન્યુઅલની ખરીદી મુદ્દે ઠગ ટોળકીએ ૪.૭૮ કરોડનો ધુંબો માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના રામપર બેટી ગામે આર.કે. ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા કે.એન. કોર્પોરેશન કંપનીના મેનેજર સાથે કપિલ શર્મા અને તેની ટોળકી દ્વારા ૪.૭૮ કરોડની છેતરપિંડી આચરવામાં આવતાં પોલીસે બે મહિલા સહિત પાંચ સામે ગુન્હો નોંધ્યો છે. આ અંગે કે.એન.કોર્પોરેશન કંપનીના મેનેજર પ્રવીણ ભીખુભાઈ બગડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત સપ્ટેમ્બર મહિનામાં ગાંધીધામ–કચ્છના વેપારી પરાગ દેસાઈ સાથે તેમની મુલાકાત થઈ હતી. પરાગ દેસાઈ અમારી પાસે દલાલ તરીકે સલ્ફર ગ્રેન્યુઅલના દાણા વેચવા માટે આવ્યા હતા. આ પછી દાણા સારા લાગતાં અમે ઓર્ડર આપવાનું નક્કી કર્યું હતું. ત્યારે પરાગ દેસાઈએ જણાવ્યું

જેમની દિલ્હીમાં કંતીકા ઈમ્પોર્ટ એક્સપોર્ટ નામની કંપની આવેલી છે ત્યાંથી આવ્યા છે. ત્યારબાદ ૧૦,૦૦૦ મેટ્રિક ટન સલ્ફર ગ્રેન્યુઅલ ખરીદ કરવાનું નક્કી કર્યું હતું. છ દિવસ બાદ એટલે કે ૨૯–૯–૨૦૨૩ના કે.એન.કોર્પોરેશન અને કંતીકા ઈમ્પોર્ટ– એક્સપોર્ટ વચ્ચે સલ્ફર ગ્રેન્યુઅલ ખરીદીનો સોદો થયો હતો. આ વેળાએ પ્રોમીસ સેલ અને પ્રોમીસ એગ્રીમેન્ટ પણ કરવામાં આવ્યું હતું. આ દાણાની ખરીદી ૯,૯૦,૦૦૦ યુએસ ડોલર એટલે કે ૮ કરોડ ૩૧ લાખ ૬૦ હજારમાં કરવાની હતી. આ પેટે અમે બે કરોડ રૂપિયા ૩–૧૦ના ચૂકવ્યા હતા. ચૂકવણી બાદ ૫–૧૧–૨૦૨૩ના માલ પહોંચાડી દેવાનો હતો પરંતુ સમયમર્યાદા પૂર્ણ થઈ ગયાના એક સમાહ બાદ પણ માલ મળ્યો ન્હોતો. આ પછી પરાગ ફોન કરતાં તેણે જવાબ આપ્યો ન હોવાથી અમે અમારી કંપનીના ટ્રાન્સપોર્ટ અસગરઅલી હારૂનઅલી ખલીફના ફોનમાંથી તેને ફોન કરતા તેણે ફોન ઉઠાવીને કહ્યું હતું કે ૨.૩૫ લાખ યૂરો સિક્યુરટી પેટે ટ્રાન્સફર કરું છું. આ અંગેની રિસિપ્ટ પણ આપી હતી પરંતુ અમને કશું જ મળ્યું ન્હોતું. આ ઉપરાંત દોઢ કરોડના ચેક પણ બેન્કમાં ચાલ્યા ન્હોતા. એકંદરે ઓર્ડર અને પૈસા આપ્યાને ઘણો સમય વીતી ગયા છતાં માલ નહીં મળતાં અમે ગુડગાંવ ખાતે કપિલ શર્મા અને વિશ્વમ શર્માને મળવા ગયા હતા. અહીં પણ અમને વાયદા જ મળ્યા હતા. ત્યારબાદ કંતીના ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ટ્રેડિંગ પ્રા.લિ.ના ડાયરેક્ટર ચંચલ રાની વતી કપિલ શર્માનો ફોન આવ્યો હતો કે તમારું કાર્ગો ઈરાનના અબ્બાસા પોર્ટ પર પહોંચી ગયું છે પરંતુ અમારી પાસે શીપ ભાડાના પૈસા નથી



એટલે વધુ ૨.૩૫ કરોડ આપવા પડશે જે પણ અમે ચૂકવી આપ્યા હતા પરંતુ અમને માલ ન મળતાં આખરે હું, મારો મિત્ર ઈમરાન અને કપિલ શર્મા ત્રણેય ઈરાનના બંદર અબ્બાસ પર પહોંચ્યા હતા જ્યાં અમને કોઈ જ માલ જોવા મળ્યો ન્હોતો. આટલું થયા બાદ અમે બધા દિલ્હી આવ્યા હતા જ્યાં કપિલ શર્માએ બે દિવસમાં પૈસા પરત આપી દઈશ તેમ કહ્યું હતું પરંતુ બે દિવસ બાદ ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આમ કપિલ શર્મા, ચંચલ રાની શર્મા, માયાદેવી શર્મા, વિશ્વમ શર્મા અને પરાગ કિરીટભાઈ દેસાઈએ સાથે મળીને અમારી સાથે છેતરપિંડીને અંજામ આપ્યો હતો. આ અંગેની ફરિયાદ નોંધાતાં જ એલસીબી ઝોન–૧ના પીએસઆઈ બી.વી. બોરીસાગરને તપાસ સોંપાઈ છે.

## સાડા દસ લાખની ઉઘરાણી પ્રશ્ને માથાકૂટ કરી ચાર શખસોએ અપહરણ કરી માર મારી વિડિયો ઉતારી રૂ.૨૨ લાખ માગ્યા

કોઠારીયા રોડ પરના સનાતનપાર્કમાં રહેતા અને કોન્ટ્રકટ તરીકે કામ કરતા જગદીશ મનસુખ આસોદરીયા નામના યુવાને આજીડેમ પોલીસમાં દર્શીત સોરઠીયા, દીવ્યેશ ઠુમ્મર, હીતેષ ડોડીયા અને એક અજાણયા શખસનું નામ આપી ફરીયાદ નોંધાવી છે. જેમાં સાડા દસ લાખની ઉઘરાણી મામલે અપહરણ કરી માર મારી વિડિયો ઉતારી રૂ.૨૨ લાખની ઉઘરાણી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ચારેય શખસો સામે ગુનો ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે. કોન્ટ્રાકટર જગદીશ આસોદરીયાએ ધંધામાં જરૂરીયાત ઉભી થતા રણુજામંદીર પાસેના કનૈયાચોકમાં રહેતા મીત્ર દર્શીત સોરઠીયા પાસેથી સાડા દસ લાખની રકમ લીધી હોય જેથી દર્શીત અવાર નવાર ઉઘરાણી કરતો હતો. દરમ્યાન ગત. તા.૨૮/૯ના દર્શીત તેઓના ઘરે આવ્યો અને તેઓને વાત કરવા બહાર બોલાવ્યા હતા. ત્યારે તેની સાથે દીવ્યેશ ઠુમ્મર સહીત બે શખસો સાથે આવ્યા હતા. અને દીવ્યેશ ઠુમ્મરે પૈસાની ઉઘરાણીની વાત કર્યા બાદ બળજબરીથી એકટીવામાં બેસાડી રામનગર સોસાયટીમાં લઈ ગયા હતા. ત્યારે પૈસાની ઉઘરાણી કરી રૂ. ૨૨ લાખની માંગણી કરી પટા અને પાઈપ તેઓને માર માર્યો હતો તેમજ તેઓનો વીડીયો ઉતારી નાણા કબુલાવ્યા હતા.અને દીવ્યેશ, હીતેષ ડોડીયા અને અજાણયા શખસે પણ મારકુટ કરી હતી. તેમજ દીવ્યેશએ આ રકમમા તેના ત્રણ લાખ હોય તે કોને આપ્યાનું પુછતા તેઓ પ્રદીપ લાલા રઘુવંશી કાપડવાળાને આપ્યાનું જણાવતા પ્રદીપને પણ બોલાવી મારકુટ કરીહતી. અને બાદમાં ધમકી આપી ચારેય શખસો નાસી છુટયા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ચારેય શખસોને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

## ૧ મહિના પૂર્વે અભ્યાસ માટે રાજકોટ આવેલી યુવતીનો ગળેફાંસો ખાઈ આપઘાત



યુનિ.વિસ્તારમાં રૂમ ભાડે રાખીને રહેતી અને એક મહિના પુર્વે રાજકોટ અભ્યાસ માટે આવેલી યુવતિએ પંખાના હુકમાં દુપટા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાની જાણ નીચે રહેતા મકાન માલિકને થતા તાત્કાલિક દોડી જઈ ૧૦૮ને જાણ કરતાં ઈએમટીએ તપાસી મૃત જાહેર કરી યુનિ.પોલીસને જાણ કરતાં પીઆઈ વસાવા સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો.તેમજ પોલીસે ૨ પાનાની સુસાઈટનોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. યુનિ. વિસ્તારમાં આવેલ પેરેમાઉન્ટ શેરી નં ૪માં એક મહિના પુર્વે રાજકોટ અભ્યાસ કરવા આવેલી મૂળ માંગરોળની જીજ્ઞાસા લક્ષ્મણભાઈ સભાડ ઉ.વ.૧૯ નામની યુવિત તેની રૂમ પાર્ટનરનો ફોન ઉપાડતી ન હોવાની નીચે રહેતા તેના મકાન માલિકને રૂમમાં છે કે નહી તેની તપાસ કરવાનું કહેતા જેથી મકાન માલિક રૂમમાં તપાસ કરતા યુવતિએ ગળેફાંસો ખાઈ લીધો હોવાની હાલતમાં જોવા મળી હતી. બનાવ અંગે લોકોના ટોળા એકઠા થયા હતા. બનાવ અંગેની જાણ પોલીસને કરતાં યુનિ.પોલીસ મથકના પીઆઈ વસાવા સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિલમાં ખસેડયો હતો. પોલીસને મૃતક યુવતિ પાસેથી બે પાનાની સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. તપાસમાં પારીવારીક કારણોસર પગલું ભર્યુ હોવાનું જાણવા મળ્યું છે.

## સરકારી પ્લોટ આપવાના બહાને લોકોની ઠગાઈ કરતા દંપતી વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં સરકારી પ્લોટ આપવાના બહારની લોકોને ધૂંતતા દંપતિ વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાય છે અને ગઈકાલે જ નવ લોકો પાસેથી ૫.૨૫ લાખ સરકારી પ્લોટ આપવાના બહાને પડાવનાર દંપતિ વિરોધ ફરિયાદ નોંધાયા બાદ આજે વધુ અનેક લોકો પાસેથી રૂ.૫૦,૦૦૦ માં ૧૦૦ વારનો પ્લોટ આપવાના બહાને રૂ.૫.૩૩ લાખ પડાવ્યા હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા પોલીસે લંપટ દંપતીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. રાજકોટમાં રૂ. ૫૦,૦૦૦માં ૧૦૦ વારનાં પ્લોટની લાલચે દંપતિએ છેતરપીં ડી કરી હોવાનું સામે આવ્યું છે. આરોપી દંપતિએ એક જ બાળક હોય તેને સરકાર પ્લોટ આપતી હોવાની લાલચ આપી હતી અને કુલ રૂ. ૫.૩૩ લાખની ઠગાઈ કરી હતી. કુવાડવા રોડ એલ.પી. પાર્કમાં રહેતા ૪૫ વર્ષીય નવરતનભાઈ મોતીલાલભાઈ હર્ષે પણ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેમણે જણાવ્યું છે કે, મનહર રવજીભાઈ ત્રાડા અને તેની પત્ની ખુશ્બુએ સરકારી પ્લોટ આપવાની લાલચ આપી હતી. પોતાના સહિતનાં લોકોને રૂ. ૫૦,૦૦૦માં ૧૦૦ વારનો પ્લોટ આપવાની લોભામણી લાલચ આપી અમારા કુલ રૂ. ૫.૩૩ લાખ ઓળવી જઈ કોઈ પ્લોટ નહીં આપી છેતરપીંડી કરી છે. આ બનાવ અંગે બી–ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે છેતરપીંડી વિશ્વાસઘાત જેવી કલમો હેઠળ ગુનો નોંધી આરોપી દંપતિને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

સાધુ વાસવાણી રોડ પર નટરાજનગર આવાસ ક્વાર્ટરમાં રહેતા પદમાબેન શૈલેષભાઈ સોલંકી (ઉ.વ. ૩૬) સહિતની સાથે મનહર રવજીભાઈ ત્રાડા અને તેની પત્ની ખુશ્બુએ સરકારી પ્લોટ આપવાની લાલચ આપી રૂા.૫.૨૫ લાખની છેતરપિંડી કર્યાની ગાંધીગ્રામ–૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પદમાબેને પોલીસને જણાવ્યું છે કે આશરે નવેક માસ પહેલા તેના પરિચિત રૂડાભાઈના ઘરે આવેલા આરોપી દંપતીએ કહ્યુ હતું કે, પઅમારી પાસે જેને એક જ બાળક હોય અને તેને સરકાર તરફથી મળતા સાતસો પ્લોટો છેથ તે પ્લોટ વોર્ડ વાઈઝ ૩૦ ગરીબ લોકોને આપવા સરકારે જણાવ્યું છે.

તમારે પ્લોટ જોતો હોય તો એક પ્લોટની કિંમત રૂા. ૩૦ હજાર ભરવા પડશે.થ આથી આરોપી મનહરે ફોર્મ આપતા તેણે રૂા.૬૦ હજાર, દેવા અમરશી મકવાણાએ ૩૦ હજાર, જયેશ હેમુ સોલંકીએ ૬૦ હજાર, વનીતાબેન હેમુભાઈ સોલંકીએ ૬૦ હજાર, ધર્મેશ નારણભાઈ સોલંકીએ ૧.૩૫ લાખ, પ્રવિણ બચુ સોલંકીએ ૬૦ હજાર, હંસાબેન પરસોતમભાઈ સોલંકીએ ૬૦ હજાર, સુરેશ શંભુભાઈ સોલંકીએ ૩૦ હજાર અને જશુબેન કાનાભાઈ સોલંકીના રૂા.૩૦ હજાર મળી કુલ રૂા.૫ ૨૫ લાખ આરોપીને રોકડા આપ્યા હતા.

જેની તેણે પહોંચ પણ આપી હતી. તેમજ વીસ દિવસમાં પ્લોટ આપી દઈશ, જો પ્લોટ નહીં મળે તો પૈસા પરત આપીશ તેમ કહ્યું હતું. પરંતુ બહાના બતાવ્યા બાદ આરોપીએ તેને કો આપ્યા હોય તે બાઉન્સ થતાં ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ યુનિવર્સિટી પોલીસે હાથ ધરી છે.

## જંગલેશ્વરમાં યુવતીએ એસીડ પીને કર્યો આપઘાત

### રાજકોટના સૂકી સાજડિયાળી ગામે ઝેરી દવા પી લેનાર મહિલા નું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જંગલેશ્વરનાં બાલકૃષ્ણ ચોક નજીક રાધાકૃષ્ણનગરમાં રહેતી યુવતીએ કોઈ અગમ્ય કારણસર એસિડ પી જીવન ટૂંકાવી લીધું હતું. યુવતીના આપઘાતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવવાની વિગત મુજબ જંગલેશ્વર વિસ્તારમાં બાલકૃષ્ણ ચોક નજીક રાધાકૃષ્ણનગર ખાતે રહેતી નિરલબેન પ્રવીણભાઈ ગોહેલ નામની ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરે હતી. ત્યારે પાંચ દિવસ પૂર્વે કોઈ અગમ્ય કારણસર એસીડ પી લેતા તેને સારવાર માટે પ્રથમ સિવિલ હોસ્પિટલમાં અને ત્યારબાદ તા. ૨૭ સપ્ટેમ્બરે દોશી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે અહીં ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. જેને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. બીજા બનાવમાં રાજકોટના સુકી સાજડીયાળી ગામે રહેતી સગુણાબેન વિનુભાઈ



ખસીયા નામની ૪૫ વર્ષની પરણીતા ગત તારીખ ૧૧ના રોજ પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર દવા પી લીધી હતી પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ગોંડલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં પરણીતાએ ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી યુવતી અને પરિણીતાના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દર લંબાવ્યો છે.

## ઉપલેટાની યુવતિના સોશિયલ મીડિયા માં ફોટાનો દુર ઉપયોગ કરી હેરાન કરતા બે સામે ફરિયાદ

ઉપલેટા માં મહેંદી આટિસ્ટનું કામ કરતી એક યુવતીના ઈન્સ્ટાગ્રામમાં રાખેલ ફોટાનો ઉપયોગ કરી એક યુવક યુવતીને પરેશાન કરી તેમના ફોટાનો ઉપયોગ કરીને હેરાન કરતો હતો અને બાદમાં રસ્તામાં હેરાન કરનાર યુવકે યુવતીને પરેશાન કરવા માટે અન્ય એક યુવક સાથે મળીને આ યુવતીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોવાની બાબતે યુવતીએ આ સમગ્ર મામલાથી પરેશાન થઈને ઉપલેટા પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે ત્યારે આ મામલે ઉપલેટા પોલીસ દ્વારા ફરિયાદીની પોલીસ ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉપલેટા શહેરમાં રહેતી એક યુવતી મહેંદી આટિસ્ટનું કામ કરે છે તે યુવતીએ જાહેરાત માટે પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતું. આ આઈડીમાં આ યુવતી જાહેરાત મૂકતી હતી. આ ફોટાઓ મૂકનાર યુવતીના ફોટાનો ઉપયોગ કરી એક યુવક આ યુવતીને હેરાન–પરેશાન કરતો હતો ત્યારે હેરાન–પરેશાન થનાર યુવતીએ આ યુવકને બ્લોક કરી દીધો હતો જે બાદ હેરાન–પરેશાન કરનાર યુવકે અન્ય નવું આઈડી બનાવી તેમાંથી યુવતીને હેરાન–પરેશાન કરવાનું શરૂ રાખ્યું રાખ્યું હતું જે યુવતીએ આ સમગ્ર બાબતને લઈને બે વ્યક્તિઓ સામે ઉપલેટા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે ત્યારે આ મામલે ઉપલેટા પોલીસે ફરિયાદીની ફરિયાદ દાખલ કરી આગળની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

## હું મારા પરિવારને મદદરૂપ થઈ શકી નથી, સ્યુસાઈડ નોટ લખી માંગરોળની યુવતીનો આપઘાત

### રાજકોટમાં આકાશવાણી ચોક, પાવર હાઉસની બાજુમાં પેરામાઉન્ટ સોસાયટીમાં ભાડાના રૂમમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી ડબહાર ન આવતાં મકાન માલિકે તપાસ કરતાં મૃતદેહ લટકતો હતોઃ એક પાનાની સ્યુસાઈડ નોટ મળી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આકાશવાણી ચોક, પાવર હાઉસની બાજુમાં પેરામાઉન્ટ સોસાયટીમાં ભાડાના રૂમમાં રહેતી માંગરોળ પંથકની ૨૪ વર્ષીય જીજ્ઞેશા કાથડે એક પાનાની સ્યુસાઈડ નોટ લખી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવનું જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.

સ્યુસાઈડ નોટમાં હું મારા પરિવારને મદદરૂપ થઈ ન શકતા અને મને ઓવર થિન્કિંગમાં રહેતાં પગલું ભરૂ છુ નો ઉલ્લેખ કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોક પાવર હાઉસની બાજુમાં પેરામાઉન્ટ સોસાયટી શેરી નં.૪ માં રૂમ ભાડે રાખી રહેતી જીજ્ઞેશા લક્ષ્મણભાઈ કાથડ (ઉ.વ.૨૪) એ ગઈ રાતે પોતાના રૂમમાં પંખાના હુકમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

રાજકોટમાં જ રહેતી તેમની મિત્રએ ફોન કરતાં તેણીએ ફોન ન ઉપાડતાં મિત્રએ મકાન માલિકને ફોન કરી તપાસ કરવાનું કહેતાં મકાન માલિકે રૂમ ખોલી જોતાં યુવતી લટકતી હાલતમાં જોવા મળતાં તાત્કાલિક ૧૦૮ ને જાણ કરી હતી. દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવતીને તપાસી મૃત જાહેર કરી હતી.

બનાવ અંગે જાણ થતાં યુનિ. પોલીસ મથકના પીઆઈ



એમ.જે.વસાવા સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવતાં કબ્જે કરી મૃતદેહ પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક યુવતી મૂળ માંગરોળ પંથકની વતની અને તે અઢી વર્ષથી રાજકોટમાં રહેતી અને અહીં તે બે માસ પહેલાં જ રહેવા આવી ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી.તેમને લખેલ સ્યુસાઈડ નોટના એક કાગળમાં હું મારા પરિવારને મદદરૂપ થઈ ન શકતા અને મને ઓવર થિન્કિંગમાં રહેતાં પગલું ભરૂ છુ નો ઉલ્લેખ કર્યો હતો. મૃતક એક બહેન એક ભાઈમાં નાની હતી. બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

## રિક્ષાગેંગના ધનજી ઉર્ફે ધનાએ ૪ સાગ્રીતો સાથે મળી છ મુસાફરોના ખિસ્સા કાપ્યાઃ ભેદ ખુલ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં મુસાફરોના ખીસ્સામાંથી રોકડ રકમ સેરવી લેતી વધુ એક રિક્ષા ગેંગના સૂત્રધારને કાઈમ બ્રાંચે પકડયો છે. તેણે ચાર બીજા સાગ્રીતો સાથે મળી છ જેટલા મુસાફરોના ખિસ્સા કાપી લીધા હતાં. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, હેડકોન્સ. વિજયરાજસિંહ જાડેજા, કોન્સ. તુલસીભાઈ ચુડાસમાને બાતમી મળતાં ગ્રીનલેન્ડ ચોકડીએથી ધનજી ઉર્ફે ધનો દેવજીભાઈ ગેડાણી (ઉ.વ.૪૨, રહે. રેલનગર સ્મશાન પાસે, માધવ સોસાયટી)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલી લીલા કલરની ઓટો રિક્ષા જીજે૨૩ડબલ્યુ–૭૭૧૯, મોબાઈલ ફોન અને રૂા.૧૫૦૦ રોકડા મળી કુલ ૫૬૫૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. ધનાની પુછતાછ થતાં તેણે દોઢેક માસ પહેલાં બેડી ચોકડી પાસે સાગ્રીત વિશાલ પાટડીયા (રહે. શાપર) સાથે મળી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૧૦૫૦૦, વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૧૭ હજાર, રાજકોટ બસ સ્ટેન્ડ પાસેથી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૧૨ હજાર, બીજા સાગરીત અમિત ઉકેડીયા (રહે. પોપટપરા પાછળ) સાથે મળી મોચી બજાર ખટારા સ્ટેન્ડ નજીકથી પેસેન્જરના ખીસ્સામાંથી રૂા.૨૦ હજાર, વિશાલ અને રાહુલ હરણીયા (રહે. મોરબી રોડ) સાથે બેડી માર્કેટ યાર્ડ પાસે પેસેન્જરના ખીસ્સામાંથી રૂા. ૪૫૦૦ સેરવી લીધાની કબુલાત આપી છે. જો કે આ કબુલેલા પાંચ



પૈકીના એકપણ ગુનામાં ફરિયાદ દાખલ થઈ નહોતી. આ ઉપરાંત અમિત દિનેશભાઈ ઉકેળીયા ઉર્ફે બેરો અને શાહીના (રહે. નવાગામ) નામની મહિલા સાથે મળી સુરેન્દ્રનગરમાં એક પેસેન્જરના ખીસ્સામાંથી રૂા. ૧૦ હજારની ચોરીની કબુલાત આપી છે. જે અંગે સુરેન્દ્રનગર પોલીસમાં ગુનો દાખલ થયો છે. આમ છ ગુનાના ભેદ ઉકેલાયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયા, પીઆઈ એમ. એલ. ડામોર, પીએસઆઈ એમ. કે. મોવલીયા, એએસઆઈ રણજીતસિંહ, અશોકભાઈ કલાલ, હેડકોન્સ. વિજયરાજસિંહ, સંજયભાઈ દાફડા, કોન્સ. રમેશભાઈ માલકીયા, તુલસીભાઈ, સંજયભાઈ ખાખરીયા, પ્રવિણભાઈ જતાપરા, કૌશિકભાઈ ગઢવીએ આ કામગીરી કરી હતી.